उन्नति
# વિચાર
વર્ષ ૭ અંક ૪ ઓક્ટોબર – ડિસેમ્બર, ૨૦૦૨

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
બાળ સંભાળ અને માતૃત્વના લાભોઃ અનૌપચારિક ક્ષેત્રમાં મહિલા કામદારો માટે સામાજિક સલામતી

**મંતવ્ય**
રાષ્ટ્રીય મહિલા પંચની સ્વાયત્તતા પર તરાપ ૯

સ્ત્રીઓના પ્રજનનલક્ષી અધિકારો વિશે બે કાયદામાં સુધારા

**આપણી વાત** ૧૨
બાળકોનું જાતીય શોષણઃ એક અદશ્ય અભિશાપ

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૧૬

**સંદર્ભ સાહિત્ય** ૧૮

**અમારા વિશે** ૨૧

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## બીજી વૈકલ્પિક દુનિયા શક્ય છે

મૂડીવાદી વૈશ્વિકીકરણ અને નવસામ્રાજયવાદના વિરોધમાં વંચિતો, મજૂરો, કિસાનો, દલિતો અને મહિલાઓના છૂટાછવાયા પ્રયાસોને એક જ તાંતણે બાંધવા અને નવો ઉત્સાહ પ્રેરવા 'એશિયા સામાજિક મંચ' (એશિયન સોશ્યલ ફોરમ)એ સાચે જ તેમનાં સંગઠનોને નવા વર્ષમાં એક વિશેષ ભેટ આપી છે. આ કાર્યક્રમ હૈદરાબાદમાં ૨થી ૭ જાન્યુઆરી, ૨૦૦૩ દરમ્યાન યોજાયો. છેલ્લાં ઘણાં વર્ષોથી વૈશ્વિક સ્તરે જુદી જુદી આર્થિક શક્તિઓ દ્વારા એક એવી વ્યવસ્થા ઊભી કરવાની કોશિષ કરવામાં આવે છે કે જેનાં મૂળમાં મૂડીવાદી વૈશ્વિકીકરણ છે. આની નીતિઓ તથા વ્યવહારોનું કામ 'વિશ્વ આર્થિક મંચ' (વર્લ્ડ ઈકોનોમિક ફોરમ) દ્વારા કરવામાં આવે છે કે જેના પ્રભાવમાં દુનિયાના બધા જ દેશો આવી ગયા છે. આ પ્રભાવનો ખતરો લોકતાંત્રિક મૂલ્યો તથા વૈશ્વિક શાંતિ બંને ઉપર છે. 'વિશ્વ વ્યાપાર સંગઠન'નાં સમ્મેલનો સામે છેલ્લાં બે-ત્રણ વર્ષથી સતત વિરોધ થઈ રહ્યો છે. પણ માત્ર વિરોધથી કામ નહિ સરે. તેથી જ પ્રથમ 'વિશ્વ સામાજિક મંચ'ની બેઠક જાન્યુઆરી-૨૦૦૧માં બ્રાઝિલના પોર્ટો એલેગ્રે ખાતે યોજાઈ હતી. તેમાં દુનિયાના ૧૦૦ દેશોનાં ૫૦૦થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના ૨૦,૦૦૦થી વધુ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. આ મંચની સફળતા તથા તેના પ્રભાવને જોતાં તે દર વર્ષે આયોજિત કરવાનું નક્કી કરાયું હતું. તેથી જાન્યુઆરી-૨૦૦૨માં બ્રાઝિલમાં જ ૧૩૧ દેશોના ૫૫,૦૦૦ પ્રતિનિધિઓ 'વિશ્વ સામાજિક મંચ' માટે ભેગા થયા હતા. ત્યારે સામ્રાજયવાદ અને ઉદારીકરણનો વિરોધ મજબૂત બન્યો અને એવો નારો ઊભો થયો કે તેના વિના પણ નવી દુનિયા શક્ય છે.

'વિશ્વ સામાજિક મંચ'ની ત્રીજી બેઠક પણ બ્રાઝિલમાં જ યોજાઈ રહી છે પણ તે પહેલાં આ મંચને વ્યાપક રૂપ આપવામાં આવે અને જુદા જુદા ખંડોમાં તેમનું આયોજન થાય તેવો વિચાર કરાયો. તેને સાકાર કરવા હૈદરાબાદમાં 'એશિયા સામાજિક મંચ'ની બેઠક મળી હતી. આ મંચ એ વિચારનું પ્રતિપાદન કરે છે કે જેમાં લોકસંગઠનો, વિવિધ જન આંદોલનો અને નાગરિક સમાજ આ પડકારો વિશે સહભાગી રીતે ચર્ચા કરે કે જેથી એક વૈકલ્પિક દુનિયાની રચના થઈ શકે કે જ્યાં લોક આધારિત વિકાસ, વૈશ્વિક ન્યાય, સમતા, માનવ અધિકાર અને માનવ સલામતીની સાથે સાથે વૈવિધ્યના આધારે સમાજની સંરચના થાય. મંચ સહભાગિતા અને ખુલ્લાપણાનું એક નોંધપાત્ર ઉદાહરણ છે, તે એટલી હદ સુધી કે તેમાં વિવિધ રાજકીય વિચારધારાવાળાઓનાં મંતવ્યોની અભિવ્યક્તિને પણ પૂરતી તક આપવામાં આવી હતી. આ એશિયાના દેશોનું સમ્મેલન હતું તેથી નેપાળ, બાંગ્લાદેશ, પાકિસ્તાન, મલેશિયા, જાપાન, ફિલિપાઈન્સ વગેરેના લોકોએ પણ તેમાં ભાગ લીધો હતો. ઉપરાંત, અમેરિકા અને અન્ય દેશોના લોકો પણ તેમાં હાજર હતા. આ પાંચ દિવસના સમ્મેલનમાં આ દેશોના વિવિધ પ્રશ્નો વિષે કામ કરતાં સંગઠનોના લોકોએ વૈશ્વિકીકરણથી પ્રભાવિત પોતાના પ્રશ્નો વિષે રજૂઆતો કરી. સર્જનાત્મકતા સાથે અવાજ રજૂ કરવો, ચિત્રાંકિત કરવો. વિશ્વલેષણ કરવું અને સાંસ્કૃતિક સ્તરે લોકોના મનમાં એ વાત ઠસાવવી તે આ સમ્મેલનનું અનોખાપણું હતું. તેમાં ભાગ લેનારા વૈશ્વિકીકરણ અને લશ્કરીકરણથી સીધેસીધા અસરગ્રસ્ત હતા, તો બીજી તરફ એવાં સંગઠનોના લોકો પણ હતા કે જેમના ઉપર વૈશ્વિકીકરણનો કોઈક ને કોઈક રીતે પ્રભાવ પડતો હતો. દા.ત. બોલિવિયાના ઓસ્કાર ઓલિવેરા પાણીના ખાનગીકરણના વિરોધમાં આંદોલન કરતા હતા, તો બીજી તરફ તામિલનાડુના

**જુઓ પૃષ્ઠ ૨૪**

# બાળ સંભાળ અને માતૃત્વના લાભો: અનૌપચારિક ક્ષેત્રમાં મહિલા કામદારો માટે સામાજિક સલામતી

'સેવા' ભારતનાં પ્રમુખ **સુશ્રી રેનાના ઝાબવાલા** અને **સુશ્રી શાલિની સિંહા** દ્વારા લખાયેલા આ લેખમાં અનૌપચારિક ક્ષેત્રના કામદારો અને ખાસ કરીને મહિલા કામદારોની સામાજિક સલામતીની યોજનાઓની શા માટે તાતી જરૂર છે તેની વિશદ ચર્ચા કરાઈ છે. મહિલા કામદારો માટે બાળ સંભાળ અને માતૃત્વના લાભોની જોગવાઈ મહિલા કામદારોના જીવન સાથે સંકળાયેલી બાબત છે અને તેમની ગરીબી દૂર કરવાના પ્રશ્ન સાથે તે જોગવાઈઓ કેવી રીતે સંબંધિત છે તેની વિસ્તૃત છણાવટ બંધારણીય જોગવાઈઓને ધ્યાનમાં રાખીને આ લેખમાં કરવા આવી છે.

**પ્રસ્તાવના**

ભારતના બંધારણના રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાંથી સામાજિક સલામતીનો ખ્યાલ તારવવામાં આવ્યો છે. બંધારણની કલમ-૩૮ની જોગવાઈઓ અનુસાર રાજ્યે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય જેમાં રાષ્ટ્રીય જીવનની તમામ સંસ્થાઓમાં ઊભો થાય તેવી સામાજિક વ્યવસ્થા ઊભી થાય તથા તેનું રક્ષણ થાય તે જોઈને લોકોના કલ્યાણને પ્રોત્સાહન આપવાનું છે. કલમ-૪૧ એમ કહે છે કે આર્થિક ક્ષમતા અને વિકાસની પોતાની મર્યાદાઓમાં રહીને રાજ્યે બેકારી, વૃદ્ધત્વ, માંદગી અને વિકલાંગતાના કિસ્સામાં કામ, શિક્ષણ અને જાહેર સહાયનો અધિકાર ઊભો થાય તે માટે અસરકારક જોગવાઈઓ કરવાની છે. કલમ-૪૨ એમ કહે છે કે રાજ્યે કામની ન્યાયી અને માનવીય સ્થિતિ ઊભી થાય અને માતૃત્વના કિસ્સામાં સ્ત્રીઓને રાહત મળે તેવી જોગવાઈ કરવી જોઈએ, જ્યારે કલમ-૪૭ એમ ઇચ્છે છે કે રાજ્યે લોકોના પોષણ અને જીવનધોરણનું સ્તર ઊંચું જાય અને જાહેર આરોગ્ય સુધરે તેને તેની પ્રાથમિક ફરજ ગણવી જોઈએ. વળી, સ્વાતંત્ર્ય પછી સામાજિક સલામતીનું પાયાનું આવરણ પૂરું પાડવા માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે. તેમનો અમલ કરવા માટે કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા છે અને તેને માટે વિવિધ તંત્રો ઊભાં કરવામાં આવ્યાં છે.

આ વર્ષો દરમ્યાન ભારતમાં સંગઠિત ક્ષેત્ર સંકોચાતું ગયું છે અને અસંગઠિત ક્ષેત્ર વિકસતું ગયું છે. આજે અનૌપચારિક ક્ષેત્ર શ્રમ દળના લગભાગ ૯૩ ટકા છે. સ્ત્રીઓ મોટે ભાગે અસંગઠિત ક્ષેત્રમાં જ રોજગારી મેળવે છે. તમામ મહિલા કામદારોમાં ૯૬ ટકા સ્ત્રીઓ આ ક્ષેત્રમાં જ છે. સ્ત્રીઓ નીચા વેતનવાળી અને અસલામત નોકરીઓ કે કામોમાં છે. એ રીતે તેઓ છેક તળિયે છે. તેમનું કામ અસલામત છે, અનિયમિત છે અને ઘણી વાર અસંગઠિત છે.

કોઈ એક મહિલા કામદાર માટે ચિંતાનો વિષય તેનું કુટુંબ, ખાસ કરીને તેનાં બાળકો હોય છે. અનેક રીતે તે પોતાનાં બાળકો અને પોતાના પરિવાર માટે સતત પોતાની જાતનું બલિદાન આપવાનું ચાલુ રાખે છે. તે બાળકો, બીમાર અને વૃદ્ધ વ્યકિતઓની સંપૂર્ણ સંભાળની જવાબદારી ઉઠાવે છે, પરિવારને ખવડાવવાની પારિવારિક જવાબદારી પણ ઉઠાવે છે. મુશ્કેલ કામ તે લાંબા સમય સુધી કરે છે, નાણાં મેળવવા અને જીવનનિર્વાહ મેળવવા માટે પણ તે ખૂબ લાંબો સમય કામ કરે છે. પોતાના પરિવારના વધુ સારા જીવનના એક જ હેતુસર તે આ બધું કરે છે.

જો કે, એ સ્વીકારવું જોઈએ કે તેનું કામ રાષ્ટ્રીય અર્થતંત્રનો જ એક ભાગ છે. તેનું કામ માત્ર તેના પરિવારમાં જ યોગદાન આપે છે એવું નથી પણ તે પોતાના ગામ, નગર કે દેશના વિકાસમાં પણ સમગ્રતયા યોગદાન આપે છે. તેને સામાજિક સલામતીની વ્યવસ્થાની જરૂર છે કે જે તેને કામદાર તરીકે જુએ, ઉત્પાદક અને યોગદાન આપનાર તરીકે જુએ અને સબસિડી આપવી પડે તેવા બોજા તરીકે ન જુએ. જે ગરીબ સમાજમાં યોગદાન આપે છે તેને અંદાજપત્રીય સંસાધનોમાં પોતાનો હિસ્સો મેળવવાનો અધિકાર છે અને આ સંસાધનોને સબસિડી તરીકે ન જોવાં જોઈએ પણ રોકાણ તરીકે જોવાં જોઈએ. એવું રોકાણ કે જે ગરીબોની ઉત્પાદકતા વધારે છે અને દેશના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો કરે છે.

અનૌપચારિક ક્ષેત્રે રોજગારી મેળવતા અને ખાસ કરીને મહિલા કામદારો મોટે ભાગે સામાજિક સલામતી પ્રાપ્ત કરતા નથી. વર્તમાન યોજનાઓ મુખ્યત્વે સંગઠિત ક્ષેત્ર પૂરતી જ મર્યાદિત છે અને દેશના કામદારોના તે ભાગ્યે જ ૧૦ ટકા જેટલું ક્ષેત્ર છે, કે જ્યાં માલિક અને કામદાર વચ્ચેના સંબંધો સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત થઈ શકે છે. અસંગઠિત ક્ષેત્ર કે અનૌપચારિક અર્થતંત્રમાંના લાખો લોકો માટે સામાજિક સલામતી તેમની અસ્તિત્વની લડાઈમાં એક ખૂટતી કડી છે. અને છતાં, અનૌપચારિક ક્ષેત્રે રોજગારી મેળવતા આ જ કામદારો સૌથી વધુ ગરીબ છે અને તેઓ સૌથી વધુ આંચકાઓ અને જોખમો સહન કરે છે કે જે તેમના અસ્તિત્વ સામે જ ખતરો ઊભો કરે છે.

## જનશ્રી વીમા યોજના

વડા પ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ ઓગસ્ટ-૨૦૦૦માં ગરીબીની રેખા નીચે જીવતા લોકો માટે જનશ્રી વીમા યોજનાની જાહેરાત કરી હતી. તેની વિગતો અહીં પ્રસ્તુત છેઃ

**પાત્રતા**

(૧) ૧૮થી ૧૯ વર્ષ વચ્ચેની ઉંમરની વ્યકિતઓ.
(૨) ગરીબી રેખાની નીચે રહેવાવાળી વ્યકિતઓ ઉપરાંત ગરીબી રેખાની મર્યાદાથી થોડી ઉપરની મર્યાદામાં આવતી વ્યકિતઓના પણ વીમા લઈ શકાય છે.
(૩) જીવન વીમા નિગમ દ્વારા નોડલ એજન્સીની સલાહથી સમૂહની ઓળખ અને જાહેરાત.
(૪) લઘુતમ ૨૫ સદસ્ય હોવા જોઈએ.

**લાભો**

(અ) સદસ્યોના મૃત્યુ સમયે રૂા. ૨૦,૦૦૦ની વીમા રકમ નામાંકિત વ્યકિતને ચૂકવાશે.
(બ) અકસ્માત વીમા લાભઃ અકસ્માતથી થતા મૃત્યુ અથવા અકસ્માતના કારણે અશંતઃ / કાયમી અપંગતા આવવાથી નીચેના લાભો મળશે.
(૧) અકસ્માતથી મૃત્યુ થતાં : રૂા. ૫૦,૦૦૦.
(૨) અકસ્માતથી કાયમી અપંગતા થતાં : રૂા. ૫૦,૦૦૦.
(૩) અકસ્માતથી બે આંખ અથવા બે હાથ અથવા બે પગ અથવા એક આંખ અને એક હાથ અપંગ થવાથી : રૂા. ૫૦,૦૦૦.
(૪) અકસ્માતથી એક આંખ અથવા એક હાથ અથવા એક પગ અપંગ થવાથી રૂા. ૨૫,૦૦૦.

**પ્રિમિયમ**

શરૂઆતમાં દરેક સભ્ય દીઠ વાર્ષિક પ્રિમિયમ રૂા. ૨૦૦ની વહેંચણી નીચે પ્રમાણે થશે.

- રૂા.૧૦૦ પ્રિમિયમની રકમ સદસ્ય / નોડલ એજન્સી / રાજ્ય સરકારે ભરવાની રહેશે.
- બાકીની રૂા. ૧૦૦ની રકમ સામાજિક સુરક્ષા ફંડ ભોગવશે.

**નોડલ એજન્સી**

- નોડલ એજન્સી એટલે પંચાયત, બિન-સરકારી સંગઠનો, સ્વયંસેવી સમૂહો અથવા અન્ય કોઈ સંસ્થાગત વ્યવસ્થા.
- નોડલ એજન્સી આ યોજનાને લગતી દરેક બાબતોમાં વીમાદારો માટે તેમના વતી કાર્ય કરશે.

આ સિવાય નીચેના ૨૩ વ્યવસાયોને જીવન વીમા નિગમે સામાજિક સુરક્ષા યોજના હેઠળ માન્ય કરેલ છેઃ

૧. બીડી કામદાર
૨. સુથાર
૩. માછીમાર
૪. હસ્તકળા કારીગરો
૫. હાથ વણાટ અને ખાદી વણનારા
૬. ચર્મ ઉદ્યોગ કારીગરો
૭. શારીરિક અપંગ સ્વયં રોજગાર કરનારાઓ
૮. રિક્ષા ખેંચનારાઓ તેમ જ ઓટો રિક્ષા ચાલકો
૯. મીઠા ઉદ્યોગના કારીગરો
૧૦. શહેરી ગરીબો
૧૧. રેશમના કીડા ઉછેરનાર
૧૨. ટોડી ટેપર્સ
૧૩. પાવરલૂમ્સ કારીગરો
૧૪. મોચી
૧૫. હમાલ
૧૬. હાથવણાટ કારીગરો
૧૭. દરજીકામ કરતી સ્ત્રીઓ
૧૮. સેવા સાથે સંકળાયેલ પાપડ કારીગરો
૧૯. દૂધ ઉત્પાદન કરનાર મંડળીઓના સભાસદો
૨૦. સફાઈ કામદારો
૨૧. તાડી કામદારો
૨૨. જંગલ કામદાર
૨૩. ઈંટ ભઠ્ઠાના કારીગર

મહિલા કામદારો માટે સમસ્યા વધુ તીવ્ર અને ગહન છે. તેઓ કામદાર, ગૃહિણી અને માતા તરીકેની ત્રિવિધ ભૂમિકા ભજવે છે. મૂડી અને અસ્કામતોનો અભાવ, નીચી અને અનિયમિત આવક, વારંવાર અકસ્માતો, બીમારી અને અન્ય આકસ્મિક ઘટનાઓ, કામની અને નિવાસની ખરાબ પરિસ્થિતિ, નીચી સોદાશક્તિ, બાહ્ય સંબંધોનો અભાવ અને આધુનિક કૌશલ્ય પ્રાપ્તિ માટેની તકોનો અભાવ - આ બધાં પરસ્પર સંકળાયેલાં પરિબળો છે કે જે મહિલાઓને વંચિતતાની જાળમાં ફસાવે છે અને ગરીબીના વિષચક્રમાં તેઓ ફસાઈ જાય છે. ઉદારીકરણની નીતિઓએ તેના જીવન પર વિપરીત અસર કરી છે. તે તકો ઊભી કરે છે ત્યારે પણ કામની સ્થિતિ ખૂબ જ ખરાબ હોય છે. તેની સાથે સાથે આકસ્મિકતાનું વલણ વધતું જાય છે અને કૌશલ્ય તથા તકનિકી તેઓ મેળવી શકતાં નથી. રાજ્યની સંકોચાતી ભૂમિકા તેના ઉપરનો બોજો વધારે છે.

એ બાબતે કોઈ બેમત હોઈ શકે નહિ કે આપણી વસ્તીના આ મોટા ભાગ માટે સામાજિક સલામતીની વ્યવસ્થા વિકસાવવાની આપણે તાતી જરૂર છે. મુખ્ય પ્રશ્ન આ કેવી રીતે સિદ્ધ કરવું તથા યોગ્ય, કાર્યક્ષમ અને ગુણવત્તાવાળી સેવાઓ કેવી રીતે પૂરી પાડવી અને સમયસર વહેંચણી કરવી અને તે પણ તેમના ઘરઆંગણે, તે છે. અનૌપચારિક ક્ષેત્રનાં કદ અને સ્વરૂપ મોટો પડકાર ઊભો કરે છે. તેમાં રોજગારીનું વૈવિધ્ય છે અને કામનું સ્થળ ભૌગોલિક રીતે વેરવિખેર છે. તેથી પડકારો આ મુજબ છેઃ (૧) સંગઠિત ક્ષેત્ર કરતાં રોજગારીના સંબંધો ખાસ્સા જુદા છે અને તે બદલાયા કરે છે. (૨) અસંગઠિત ક્ષેત્ર માટે માલિકના ફાળાવાળી સામાજિક વીમાની યોજના દાખલ કરવામાં મોટો અવરોધ એ છે કે માલિક નક્કી કરવાનું મુશ્કેલ છે. (૩) સંગઠિત ક્ષેત્રમાં સ્થિર અને નિયમિત રોજગારી હોય છે, પણ તેનાથી વિરુદ્ધ અસંગઠિત ક્ષેત્રના કામદારોને રોજગારીની સલામતીની, આવકની સલામતીની અને સામાજિક સલામતીની એકસાથે જરૂર હોય છે. (૪) મહિલા કામદારોની જરૂરિયાતો પુરુષ કામદારોની ન પણ હોય. દા.ત. બાળકલક્ષી જરૂરિયાતો મોટા ભાગની મહિલા કામદારો માટે પ્રાથમિકતાની બાબત હોય છે.

## મહિલા કામદારો માટે સામાજિક સલામતી – જરૂરિયાતોની પરખ

### બાળ સંભાળ

આજે નાના બાળકને માત્ર માતાની જ જવાબદારી ગણવામાં આવે છે, અને કામ કરતી માતા ઘણી વાર બાળ સંભાળના બોજાથી દબાઈ જાય છે, તેનાથી માતાની ઉત્પાદક્તા ઘટે છે અને માતા તથા બાળક બંનેના આરોગ્ય ઉપર તેની નકારાત્મક અસરો પડે છે. ઉપરાંત, પરંપરાગત કૌટુંબિક વ્યવસ્થામાં નાનાં બાળકોની કાળજી લેવાય છે એવી ધારણા પણ સાચી નથી. પોતાના ઘરની બહાર કામ શોધવાની ફરજ પડે તેવી સ્ત્રીઓની સંખ્યા પણ વધી છે. એક અંદાજ મુજબ લગભગ ૧૫ કરોડ સ્ત્રીઓ ગરીબીની રેખાની નીચે જીવે છે અને ૫-૬ કરોડ ૬ વર્ષની નીચેનાં બાળકો એવા જૂથનાં છે કે જ્યાં માતાએ અસ્તિત્વ ટકાવી રાખવા માટે પણ કામ કરવું પડે છે. તેમાંની મોટા ભાગની અસંગઠિત ક્ષેત્રમાં છે.

આ મહિલા કામદારોએ કામના સ્થળે પગે ચાલીને જવું પડે છે અથવા તો ખીચોખીચ ભરેલી બસો કે ટ્રેનોમાં જવું પડે છે. સરેરાશ એક મહિલા કામદાર દિવસમાં ૧૦-૧૨ કલાક અને ઘણી વાર સપ્તાહના સાત દિવસ કામ કરે છે. કામ કરનારી માતા ખૂબ કામ કરે છે, થાકી જાય છે અને ઘણી વાર તેને બાળકના કલ્યાણ વિશે ચિંતા પણ નીપજે છે. બાળ સંભાળની જોગવાઈઓ તેના પર અનેક બોજાઓમાંથી એક બોજાને ઓછો કરે છે, તે સ્ત્રીઓ માટે સમય, અવકાશ અને કામની તકો ઊભી કરે છે, અને તે તેની સક્ષમતાને ટેકો આપે છે. બાળ સંભાળ એ અંતર્ગત રીતે જ સ્ત્રીઓના વિકાસ અને સક્ષમતા સાથે જોડાયેલી બાબત છે. અભ્યાસો એમ દર્શાવે છે કે બાળ સંભાળની જોગવાઈઓથી માતાની ઉત્પાદકતામાં ૫૦ ટકાનો વધારો થાય છે, બાળ મૃત્યુ દર ઘટે છે અને બાળકોનો સારો વિકાસ થાય છે.

બાળ સંભાળની પર્યાપ્ત સવલતોના અભાવને લીધે એક કામ કરનારી માતા પાસે નાના બાળકને થોડાક મોટા બાળક પાસે છોડવા સિવાય બીજો કોઈ વિકલ્પ હોતો નથી. નાનાં બાળકોને મોટે ભાગે નાની છોકરીઓ સાચવતી હોય છે, પણ ખરેખર તો તે જ એટલી નાની હોય છે કે તેમને પોતાને જ સંભાળ અને ઉછેરની જરૂર હોય છે. બાળ સંભાળની સવલતોની જોગવાઈઓથી નાની છોકરીઓ શાળાએ જતી થાય અને પોતાનું બાળપણ ભોગવે.

બાળકનાં આરંભનાં વર્ષોમાં ઉછેર અને સંભાળની જરૂર હોય છે. જો તેની દરકાર ન કરવામાં આવે તો બાળકના આરોગ્ય, કલ્યાણ, સંભાળ, વિકાસ અને શિક્ષણ ઉપર વિપરીત અસર પડે છે. ભારતમાં ત્રીજા ભાગનાં બાળકોનું વજન જન્મ સમયે ઓછું હોય છે અને પાંચ વર્ષની નીચેનાં ૫૩ ટકા બાળકો અપોષણથી પિડાય છે. વિશ્વનાં ૧૯ કરોડ અપોષણથી પીડાતાં બાળકોમાંથી લગભગ ૪૦ ટકા એટલે કે ૭.૩ કરોડ બાળકો ભારતમાં જ જીવે છે.

હાલના રાજ્ય પ્રેરિત કાર્યક્રમો ખૂબ જ ઓછાં બાળકોને આવરી લે છે અને આ વય જૂથનાં થોડાંક જ બાળકો સુધી તે પહોંચે છે. એક એવો અંદાજ છે કે ૬ વર્ષની વય સુધીનાં માત્ર ૧૨ ટકા બાળકોને જ બાળ સંભાળ કાર્યક્રમોનો લાભ મળે છે, એટલે કે તેનો લાભ ૬૨.૨૪ લાખ

બાળકોને જ મળે છે. આ આંકડો પ્રભાવક છે પણ તે તો હિમશીલાની ટોચ માત્ર છે. વધુમાં, આ જોગવાઈનો લાભ મોટે ભાગે ૩થી ૬ વર્ષની વયનાં બાળકોને જ મળે છે. તેથી નાનાં બાળકોને એટલે કે ૩ વર્ષની વય સુધીનાં બાળકોને તો આ સેવાનો લાભ મળતો જ નથી.

### સંકલિત બાળ વિકાસ સેવા

સરકારનો સૌથી વિખ્યાત કાર્યક્રમ સંકલિત બાળ વિકાસ સેવા (ઇન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ - આઈસીડીએસ) છે. તે નાનાં બાળકોના સંપૂર્ણ વિકાસનું ધ્યેય રાખે છે. બાળ સંભાળ સેવાઓ માટેની માળખાગત સેવાઓના વિકાસમાં તે ખાસ્સો સફળ રહ્યો છે. તે લગભગ ૬૨ ટકા બાળકોને આવરી લે છે અને ગ્રામીણ તથા આદિવાસી વિસ્તારો સુધી તે વિસ્તર્યો છે. આરોગ્ય અને પોષણની સ્થિતિમાં સુધાર, રસીકરણ અને આંગણવાડીમાંથી પ્રાથમિક શાળામાં બાળકોની ભરતી તથા શાળામાંથી અધવચ્ચે જતાં રહેવાનું બાળકોનું પ્રમાણ ઘટાડવામાં પણ આ કાર્યક્રમ ખાસ્સો પ્રભાવક રહ્યો છે. જો કે, આ કાર્યક્રમ કામ કરતી માતાઓને આવરી લેતો નથી. તે માત્ર ૩થી ૬ વર્ષનાં બાળકોને આવરી લે છે, વળી તે દિવસના ત્રણથી ચાર કલાક માટે જ હોય છે કે જ્યારે માતાઓ કામે ગઈ હોય છે. તેથી તેઓ આ સેવાઓ પ્રાપ્ત કરી શકતી નથી. તેથી તે માતાઓને તેમનો બોજો હળવો કરવામાં ઝાઝી મદદ કરતો નથી. તેના અમલ માટે સરકારનું જે જડ શ્રેણીગત માળખું ગોઠવાયેલું છે તે સામુદાયિક ભાગીદારી, ફેરફાર ક્ષમતા અને ટકાઉપણા માટેના પ્રયાસો પર વિપરીત અસર કરે છે. એ ઉપરાંત, તે નાણાં માટે સંપૂર્ણપણે સરકાર પર આધારિત છે તેથી તેનામાં ટકાઉપણાનો અભાવ છે. સંકલિત બાળ વિકાસ સેવાની આ ખામીઓ પણ એ હકીકત સાથે જ જોવી પડે કે માતા અને બાળ સેવાઓ માટે સરકાર જે કંઈ અદાજપત્રીય ખર્ચ કરે છે તેનો મોટો ભાગ આ કાર્યક્રમ પાછળ જ ખર્ચાય છે.

### કાયદાઓ

મહિલા કામદારોનાં બાળકો માટે ઘોડિયાંઘરની જોગવાઈ કરતા અનેક કાયદાઓ છેઃ

(૧) કારખાનાનો કાયદો - ૧૯૪૮
(૨) બગીચા ધારો - ૧૯૫૧
(૩) ખાણ ધારો - ૧૯૫૧
(૪) બીડી અને સિગાર કામદાર (રોજગાર સ્થિતિ) ધારો - ૧૯૬૬
(૫) કોન્ટ્રેક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) ધારો - ૧૯૭૦
(૬) આંતરરાજ્ય સ્થળાંતરિક કામદાર ધારો - ૧૯૮૦.

આ કાયદાઓ ઘોડિયાંઘરની કેટલી લઘુતમ મહિલા કામદારો હોય તો જરૂરી છે તે જણાવે છે. જો કે, ખાણ ધારામાં એક મહિલા કામદાર હોય તો પણ ઘોડિયાંઘર ફરજિયાત છે. આ કાયદાઓમાં વ્યવસ્થાની ગુણવત્તા, બાળ સંભાળનો પ્રકાર વગેરે બાબતો પણ જણાવવામાં આવી છે. જો કે, કાયદાઓનો સંતોષકારક અમલ થતો નથી. મહિલા કામદારો ૨૦ હોય તો ઘોડિયાંઘરની જોગવાઈ કરાઈ છે તેનાથી મહિલાઓની રોજગારી મર્યાદિત બની ગઈ છે. માલિકોને તેથી મહિલાઓને કામે નહિ રાખવાનું બહાનું મળી જાય છે. માલિકો કાં તો ઓછી સ્ત્રી કામદારોને કામે રાખે છે અથવા તો કુંવારી છોકરીઓને જ કામે રાખે છે અથવા કામચલાઉ ધોરણે તેમને કામે રાખે છે.

## ઘોડિયાંઘર અને બાળ સંભાળ સેવાઓ શા માટે?

**માતા માટે**

- સતત રહેતા તનાવ અને ચિંતામાંથી માતા મુકત થાય.
- કામ કરતી માતા માટે સમય, અવકાશ અને કામની તકો ઊભી થાય.
- ઉત્પાદકતા અને આવકમાં વધારો થાય.
- કામ કરતી સ્ત્રીઓ કામ સંબંધી તાલીમ, શિક્ષણ અને બીજી કોઈક સામુદાયિક પ્રવૃત્તિઓમાં ભાગીદાર થવા માટેનો સમય મેળવી શકે.

**બાળક માટે**

બાળકના રક્ષણ, આરોગ્ય, કલ્યાણ, સંભાળ, વિકાસ અને શિક્ષણમાં સુધારો થાય.

**મોટી છોકરી માટે**

- બાળ સંભાળના બોજામાંથી મુક્તિ.
- શિક્ષણનો અધિકાર.

### માતૃત્વના લાભો

અનૌપચારિક ક્ષેત્રમાં મહિલા કામદારો માટે માતૃત્વનો લાભ એ બીજી એક મોટી સામાજિક સલામતીની જરૂરિયાત છે. સ્ત્રીના જીવનમાં સૌથી ઉત્પાદક વર્ષો તેનો પ્રજનન કાળ પણ હોય છે. માતૃત્વની રજાઓ માટેની જોગવાઈના અભાવે મહિલા કામદારે ઘણી વાર તેના બાળક માટે કામ છોડવું પડે છે. ખરાબ આરોગ્ય, વધારાનો તબીબી ખર્ચ અને રોજગારી જવાથી મહિલા કામદાર વધારે નબળી બને છે. બાળકના જન્મ સમયે તેથી તે દેવાના અને ઊંચા વ્યાજના દરના ખપ્પરમાં ફસાઈ જાય છે. ઘણી વાર તે પૂરતો આરામ લઈ શકતી નથી અને બાળકના જન્મ પછી તરત જ કામે ચડી જાય છે અને તેથી તેના આરોગ્ય પર ખરાબ અસર પડે છે. સગર્ભાવસ્થા અને બાળકના જન્મ સમયે સ્ત્રીના આરોગ્યની સંભાળ ન લેવાવાથી મૃત્યુ દર ઊંચો જાય

## ભારતમાં બાળકોની સ્થિતિ

- પાંચ વર્ષનાં બાળકોમાં મૃત્યુ દર ૬૮.૧૮૭ દેશોમાં ઊતરતા ક્રમમાં ભારતનો ક્રમ ૪૯.
- ૧,૦૦૦ જીવંત બાળકોના જન્મે ૫૦ બાળકો એક વર્ષ પહેલાં મૃત્યુ પામે છે.
- ૫૩ ટકા બાળકો ખૂબ ઓછા વજનનાં જન્મે છે.

છે, એનિમિયાથી તેઓ પીડાય છે અને નવજાત શિશુ ઓછાં વજનવાળાં જન્મે છે. દર એક લાખ જીવંત જન્મે ૫૭૦ બાળકો મૃત્યુ પામે છે, ૧૫થી ૪૯ની વયની ૮૮ ટકા સ્ત્રીઓ એનિમિયાથી પીડાય છે અને ૩૩ ટકા બાળકો અઢી કિલોગ્રામથી પણ ઓછા વજનની સાથે જન્મે છે. માતાનું આરોગ્ય બાળકના આરોગ્ય સાથે ગાઢ રીતે સંકળાયેલું છે અને માતૃત્વના લાભો પણ બાળકના અસ્તિત્વ અને વિકાસમાં ફાળો આપે છે. વાસ્તવમાં, બાળકના વિકાસનો આરંભ સગર્ભા સ્ત્રીના આરોગ્યની સંભાળથી થાય છે અને તે પછીથી બાળકના સ્તનપાનની તકથી થાય છે.

તાજેતરનાં વર્ષોમાં જાહેર આરોગ્ય માટેનું ખર્ચ ઘટતું જવાનું વલણ ઊભું થયું છે. છેલ્લા દાયકા દરમ્યાન આકસ્મિક મજૂરોની સંખ્યા વધી છે અને ખાસ કરીને આવા મહિલા કામદારોની સંખ્યા વધી છે. તેઓ વધુ ને વધુ પ્રમાણમાં કામની અયોગ્ય અને ખરાબ સ્થિતિવાળાં કામો હંગામી ધોરણે અને કોન્ટ્રેક્ટ ધોરણે મેળવે છે. સામાજિક સુરક્ષાની જાળ પાછી ખેંચી લેવાય તો મહિલા કામદારો માટેની આરોગ્ય સંભાળનું ખાનગીકરણ થાય છે. બાળકો અને માતાઓનો ઊંચો મૃત્યુ દર પાયાઓની સેવાઓની ખરાબ સ્થિતિનું પ્રતિબિંબ પાડે છે. બાળક જીવતું રહે અને માતાનું આરોગ્ય જળવાય તેવી પાયાની સવલતોની જરૂર છે. આજે દેશની વાસ્તવિકતા એ છે કે આરોગ્યની ૮૫ ટકા જરૂરિયાતો ખાનગી રીતે પૂરી પડાય છે, અને આ પ્રમાણ વધતું જાય છે. ૪૦ ટકા કરતાંય વધુ માતાઓને બાળકના જન્મ પૂર્વેની અને પછીની સારસંભાળ મળતી નથી. ૪૨.૨ ટકા સગર્ભા સ્ત્રીઓને બાળકના જન્મ પૂર્વેની સારવાર પ્રાપ્ત થતી નથી. જેમને તે સારવારની સવલત પ્રાપ્ય બને છે તેમાં માત્ર ૧૫.૫ ટકાને ઘેર આરોગ્ય કાર્યકરની સવલત મળે છે અને ૪૭.૭ ટકા સ્ત્રીઓને જ ધનુરનું ઈન્જેક્શન મુકાય છે. માત્ર ૪૫.૧ ટકા સ્ત્રીઓ જ સગર્ભાવસ્થા દરમ્યાન લોહ તત્ત્વની ગોળીઓ મેળવે છે.

### માતૃત્વના અધિકારોઃ વર્તમાન કાયદાઓ અને પરંપરાઓ

માતૃત્વના લાભો માટેનો મુખ્ય આંતરરાષ્ટ્રીય ઠરાવ મેટર્નિટી એન્ટાઈટલમેન્ટ કન્વેશન - ૨૦૦૦ છે. તેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છેઃ

(૧) પૂર્ણ સમયના કે ખંડ સમયના કામમાં રોકાયેલી કે બીજાને ત્યાં કામ કરતી કોઈ પણ સ્ત્રી કામદારને માતૃત્વના લાભો મળવા જોઈએ.

(૨) બાળકના જન્મ પછી લઘુતમ ૬ સપ્તાહ ફરજિયાતપણે અને કુલ ૧૪ સપ્તાહની રજાઓ મળવી જોઈએ અને તેને રોકડ રકમનો લાભ પણ મળવો જોઈએ કે જેમાં સ્ત્રી કામદારની વીમાની રકમની બે-તૃતીયાંશ રકમનો પણ સમાવેશ થાય.

(૩) મહિલા કામદારને બરતરફ ન કરવામાં આવે, તેને તે જ કામ પર પાછા ફરવાનો હક રહે અને એ રીતે રોજગારીની સલામતી મળે. તેનો અર્થ એ પણ એ છે કે સ્ત્રી સગર્ભા હોય કે બીમાર હોય તો તેને બરતરફ ન કરી શકાય. જો તેને બરતરફ કરાય તો તે માટેનાં કારણો આપવાની જવાબદારી માલિકની છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈએલઓ)ના આ ઠરાવનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે કારણ કે તેમાં તમામ મહિલાઓને માતૃત્વના લાભો આપવાનો વિચાર કરવામાં આવ્યો નથી. જેઓ સંભાળલક્ષી આર્થિક કામો કરે છે અને જેઓ નાણાકીય વળતર વિના જ કામ કરે છે તેમને પણ ધ્યાનમાં લેવી જોઈતી હતી.

ભારતીય બંધારણના હાલના માળખાને લાગેવળગે છે ત્યાં સુધી માતૃત્વનો લાભ એ કાયદાનુસાર બિનવિવાદાસ્પદ હક છે. તે માટેના બે મુખ્ય કાયદા નીચે મુજબ છેઃ માતૃત્વ લાભ ધારો-૧૯૬૧ અને કામદાર રાજય વીમા ધારો-૧૯૪૮.

કામદાર રાજ્ય વીમા ધારો - ૧૯૪૮ કામદાર સ્ત્રી પથારીવશ હોય, કસુવાવડ થાય, સગર્ભાવસ્થા દરમ્યાન બીમાર પડે, ગર્ભપાત થાય અથવા બાળકનો વહેલો જન્મ થાય વગેરે જેવા સંજોગોમાં વીમો ધરાવનાર સ્ત્રીને રોકડ રકમ આપવાની જોગવાઈ કરે છે. જ્યાં ૨૦ કરતાં વધારે નિયમિત કામદારો હોય અને કામદારને દર મહિને રૂ. ૩૦૦૦ કરતાં વધારે પગાર મળતો હોય તેમને જ આ કાયદો લાગુ પડે છે. મૂળ કાયદામાં વેતન સાથે ૭૦ દિવસની રજાની જોગવાઈ હતી પણ પછી ૧૯૯૮માં કાયદામાં સુધારો કરાયો અને તે ૮૦ દિવસથી ૧૨ સપ્તાહની કરાઈ. વધુમાં, જ્યાં કામદાર રાજ્ય વીમા નિગમ (એસિક)ની સવલતો પ્રાપ્ત ના હોય તેવા વિસ્તારની સ્ત્રી કામદારને રૂ. ૨૫૦ તબીબી ભથ્થું આપવાની પણ જોગવાઈ આ કાયદામાં કરાઈ છે.

માતૃત્વ લાભ ધારો - ૧૯૬૧ સંગઠિત ક્ષેત્રના એવા તમામ મહિલા કામદારોને લાગુ પડે છે કે જેમને કામદાર રાજ્ય વીમા ધારા હેઠળ

આવરી લેવાયા નથી. આ ધારા અન્વયે કારખાનાં, ખાણ, બગીચા અને કચેરીઓમાં નિયમિત રોજગારી મેળવતા કામદારોને લાભ મળે છે. તેમાં કેટલા કામદારો કામ કરે છે એ ધ્યાનમાં લેવાતું નથી. વળી, જે મહિલા કામદારે એક વર્ષમાં સતત ૮૦ દિવસ સુધી કામ કર્યું હોય તે પણ આ ધારા હેઠળ આવરી લેવાઈ છે. આ ધારામાં સગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રી કામદારને નોકરીમાંથી કાઢી મૂકી ના શકાય અને ૧૨ સપ્તાહની પગાર સાથેની રજા મળે કે જેમાં માતા ઇચ્છે તો બાળકના જન્મ પહેલાં પણ છ સપ્તાહની રજા લઈ શકે વગેરે જેવી જોગવાઈઓનો સમાવેશ થાય છે. આ લાભ સરેરાશ દૈનિક વેતનના સંદર્ભમાં મળે છે. તે પથારીવશ થાય તેના અગાઉના ત્રણ માસના પગારની સરેરાશ તે માટે ગણવામાં આવે છે. વળી, આ કાયદામાં એવી જોગવાઈ પણ કરવામાં આવી છે કે માલિક મહિલા કામદારને તેની સગર્ભાવસ્થા દરમ્યાન કોઈ સખત મહેનતનું કામ સોંપી શકે નહિ અથવા એ ગાળા દરમ્યાન તેને નોકરીમાંથી કાઢી મૂકી શકે નહિ. માતા કામ પર પાછી ફરે ત્યારે તેને ૧૫ મિનિટની એક એવી બે રિસેસ બાળકને સ્તનપાન કરાવવા માટે આપવાની જોગવાઈ પણ તેમાં કરવામાં આવી છે.

આ બધી બાબતો હોવા છતાં એ સર્વસ્વીકૃત બાબત છે કે આ બંને ધારાઓ અપૂરતા છે. એમ લાગે છે કે અનૌપચારિક ક્ષેત્રની મહિલા કામદારો માટે યોગ્ય કાયદાની જરૂર છે. દા.ત. આ કાયદા હેઠળ ખૂબ જ ઓછી મહિલા કામદારોને આવરી લેવામાં આવે છે. વળી, આ કાયદાઓમાં અનેક છટકબારીઓ છે અને તેને પરિણામે કારખાનાના માલિકો તથા કોન્ટ્રેક્ટરો તેનો લાભ ઉઠાવે છે. તેઓ ૨૦ને બદલે ૧૮ મહિલા કામદારોને જ રાખીને કામદાર રાજ્ય વીમા યોજનાની જોગવાઈઓમાંથી છટકી જાય છે. જ્યાં પણ કામદાર રાજ્ય વીમા યોજના ધારો લાગુ પડે છે ત્યાં પણ આરોગ્ય વીમાનો લાભ અને માતૃત્વની રજાનો લાભ ખૂબ જ મર્યાદિત કામદારોને જ મળે છે અને તે પણ એક માતાને જે સેવાઓની કે લાભોની જરૂર પડે તે તમામ તેને મળતા નથી. વળી, આ કાયદાઓ મહિલાઓને કામનું રક્ષણ પૂરું પાડતા નથી. ઘણી સ્ત્રીઓને તેઓ જ્યારે સગર્ભા હોય ત્યારે કામ છોડી દેવાની ફરજ પાડવામાં આવે છે, અથવા તો તેમને કાઢી મૂકવામાં આવે છે કારણ કે તેમને સગર્ભાવસ્થા દરમ્યાન અને પછી વિવિધ લાભો આપવા પડે છે. આ કાયદાઓ દ્વારા જે લાભ પૂરા પડાય છે તે પણ અપૂરતા છે કારણ કે સગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રીને જે વધારાના પોષણની જરૂર પડે છે તેના ખર્ચનો સમાવેશ તેમાં કરાયો નથી.

આ બે કાયદાઓ ઉપરાંત, માતૃત્વના લાભો આપતી અનેક સરકારી યોજનાઓ છે. મહારાષ્ટ્રમાં રોજગાર બાંયધરી યોજના ૧૯૭૪માં શરૂ કરવામાં આવી. તેમાં એક માસનું વેતન, વેતનના ભાગ તરીકે અનાજ અને બાળકો માટે ઘોડિયાંઘરની જોગવાઈ કરવામાં આવી છે. તામિલનાડુમાં પોષણ પરિયોજના ચાલે છે. તેમાં સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓને પૂરક પોષણ પૂરું પાડવામાં આવે છે. ૧૯૮૮માં ત્યાં મુથુલક્ષ્મી રેડ્ડી યોજના જાહેર કરવામાં આવી છે અને ગુજરાતમાં ૧૯૮૬થી માતૃત્વ રક્ષણ યોજના ચલાવવામાં આવે છે. તેમાં વેતનના વળતર રૂપે માસિક રૂ. ૩૫૦ રોકડ સ્વરૂપે ચૂકવવામાં આવે છે. જો કે, આ તમામ યોજનાઓમાં અમલ અંગેની મુસીબતો તો છે જ. સ્ત્રી કામદારોને ઘણી વાર ૧૬૦ દિવસની રોજગારીની સાબિતી મેળવવી મુશ્કેલ બની જાય છે, અથવા તેઓ પૂરક પોષક આહારનો ઈષ્ટ ઉપયોગ કરી શકતી નથી.

## છ વર્ષથી નીચેની વયનાં તમામ બાળકોને બાળ સંભાળ પૂરી પાડવાનું ખર્ચ

'સેવા'ના અનુભવના આધારે સવારના ૯-૦૦થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધીની એક બાળકની સંભાળનો ખર્ચ રૂ.૧૦ આવે છે. તેમાં પોષણના રૂ.૫, બાળ સંભાળ કાર્યકરના પગારના રૂ.૩, પ્રવાસના રૂ.૧.૮૫, ખોરાક રાંધવાના બળતણના ૧૫ પૈસાના ખર્ચનો સમાવેશ થાય છે. આ આંકડાને આધારે ૬ વર્ષની નીચેની વયનાં ૬ કરોડને રોજ સંભાળ પૂરી પાડવાનો ખર્ચ નીચે મુજબ ગણી શકાયઃ

- એક બાળકને એક મહિનાનું ખર્ચ રૂ. ૩૦૦.
- એક બાળકનું એક વર્ષનું ખર્ચ રૂ. ૩,૬૦૦.
- ૬ કરોડ બાળકોનું વાર્ષિક ખર્ચ રૂ. ૨૧,૬૦૦ કરોડ.

## ભલામણો

### બાળ સંભાળ

**૧. સામાજિક સલામતીનો અંતર્ગત ભાગ**

બાળ સંભાળને ઘણી વાર માત્રી સ્ત્રીઓની જ ચિંતાના વિષય તરીકે સમજવામાં આવે છે. જો કે, બાળ સંભાળની જવાબદારી મા-બાપ બંનેએ ઉઠાવવી જોઈએ. માબાપ વચ્ચે સહકારપૂર્ણ સંબંધો હોય તેનું મહત્ત્વ છે અને નાનાં બાળકોના ઉછેર તથા સંભાળ માટે તેના ઉપર ભાર મુકાવો જ જોઈએ. બાળ સંભાળને કામદારો વિશેના તમામ કાયદાના અને રક્ષાણાત્મક તથા કલ્યાણ બોર્ડના ભાગ તરીકે ગણાવી જોઈએ. જ્યાં ૧૦ કામદારો પણ કામ કરતા હોય ત્યાં ઘોડિયાંઘરની વ્યવસ્થા હોવી જ જોઈએ કે જેથી માતા કે પિતા ગમે તે બાળકને ઘોડિયાંઘરમાં લાવી શકે.

**૨. બાળ સંભાળને શિક્ષણ નીતિનો ભાગ ગણો**

૮૩મા બંધારણ સુધારામાં ૬-૧૪ વર્ષની વયનાં બાળકોને શિક્ષણના અધિકારની બાંયધરી અપાઈ છે. જેઓ પોતાનાં નાનાં બાળકોને

## માતૃત્વના અધિકારો માટે કાનૂની રાહે યોજના

અનૌપચારિક અર્થતંત્રમાં મહિલા કામદારો માટે માતૃત્વના લાભોની જરૂરિયાત છે. તે સ્ત્રીઓની માતા બનવાની ભૂમિકા સ્વીકારે છે અને ન ટાળી શકાય તેવા સંજોગોમાં જો તે કામ પર ગેરહાજર રહે તો તેને વળતર અપાય છે. માતૃત્વના અધિકારો બાળકના જન્મ અને બાળ સંભાળ તથા બાળકના આરંભના જીવન દરમ્યાન સ્તનપાન માટે નાણાકીય સહયોગ પૂરો પાડે છે. તે માતા અને બાળક બંનેને તંદુરસ્ત રાખે છે, તે બાળકના અસ્તિત્વ અને વિકાસ માટેનો તથા માતાનો શારીરિક આરામ, પોષણ અને તંદુરસ્તી માટેનો પાયો પૂરો પાડે છે. માતૃત્વના અધિકારોના અમલ માટે કાનૂની રાહે કોઈ યોજના હોવી જોઈએ. તે તમામ મહિલાઓને આવરી લે. માત્ર આર્થિક માપદંડને આધારે જ તેમાં ભેદભાવ ઊભો કરાય, તે સિવાય નહિ અને તે પણ જો નાણાં ન હોય તો થોડા સમય માટે જ. આ યોજનાનો લાભ પંચાયત, પોસ્ટ ઓફિસ, સંકલિત બાળ વિકાસ યોજનાનાં કેન્દ્રો, સરકારી ખાતાંઓ અને બેંકો વગેરે જગ્યાએથી લઈ શકાય તેવી ગોઠવણ થવી જોઈએ. માતૃત્વના લાભ પૂરા પાડવાની મુખ્ય જવાબદારી રાજ્ય પાસે હોવી જોઈએ. તેને માટે આવશ્યક નાણાં ઊભાં કરવાનું સૂચિત મોડેલ આ મુજબ છેઃ

- માલિક, કામદાર અને સરકાર ફાળો આપે.
- મજૂર કલ્યાણ બોર્ડ દ્વારા જે પ્રકારના સેસ નખાય છે તે નખાય.
- સમુદાયનો ફાળો. થાઈલેન્ડ અને ચીનમાં દર ૧૦૦ પરિવારે એક કાર્યકરનો બોજો ઉઠાવવાનો હોય છે કે જે લાભ આપે છે.

ઉછેરી શકે છે અને જેમને તે પોસાઈ શકે છે તેઓ પૂર્વશાળેય શિક્ષણ પોતાનાં બાળકોને પૂરું પાડી શકે છે. ૬ વર્ષથી નીચેને વયનાં બાળકોને સમાન તકો મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

### ૩. ફેરફારક્ષમ સ્વાયત્ત બાળ સંભાળ નિધિ ઊભી કરો

આવી નિધિમાંથી તમામ મહિલાઓનાં બાળકોને બાળ સંભાળની સવલતો પૂરી પડાય. તેમાં આવક, બાળકોની સંખ્યા કેટલી છે કે અન્ય બાબતો ધ્યાનમાં ન લેવાય. આ નિધિ રાજ્ય સ્તરે સ્થાપાય અને તે વિકેન્દ્રિત હોય અને ફેરફારક્ષમ હોય કે જેથી તે સર્વસ્વીકૃત બને અને વહીવટી રીતે સાનુકૂળ બને. આ નિધિમાં અનેક રીતે નાણાં એકત્ર થાય અને તેને કામગીરીમાં સ્વાયત્તતા મળે.

### ૪. બહુપાંખી વ્યૂહરચનાનો ઉપયોગ

જુદા જુદા મહિલા કામદારોની જરૂરિયાત જુદી જુદી હોય છે અને તેથી વ્યૂહરચના પણ જુદી જુદી હોય. કોઈ એક જ કેન્દ્રીય રીતે સંચાલિત બાળ સંભાળ યોજના કે કાર્યક્રમ આવી વૈવિધ્યપૂર્ણ પરિસ્થિતિમાં ઉકેલ આપી શકે નહિ. જરૂરિયાતો વિવિધ છે તેથી વિવિધ અભિગમોની જરૂર રહે છે. દા.ત. બજારમાં શાક વેચતી સ્ત્રીઓની જરૂરિયાત કારખાનાના કામદાર કે બાંધકામ મજૂર જેવી ના હોય. એ જ રીતે અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં રહેતાં પરિવારોને શહેરી ઝૂંપડપટ્ટીમાં રહેતાં પરિવારો કરતાં વધારે વિવિધ રીતે સહયોગની જરૂરિયાત રહે છે. સંભાળ સેવા આપનારા લોકોની જરૂરિયાતો પણ બદલાતી રહે છે. ભારતમાં સ્વૈચ્છિક સંસ્થાઓ નવતર, અસરકારક અને ઓછા ખર્ચાળ અભિગમો ધરાવે છે. વધુમાં, સરકારના કાર્યક્ષેત્ર કે કેન્દ્રીકૃત સેવાઓના કાર્યક્ષેત્રની બહાર રહેતાં પરિવારો પણ સર્જનાત્મક પ્રતિભાવો આપતા હોય છે. તેઓ નાના પાયા પર કામ કરે છે પણ એવા નવતર અભિગમો અપનાવે છે કે જેમને મુખ્ય પ્રવાહના સરકારી ક્ષેત્રમાં સફળતાપૂર્વક આમેજ કરી શકાય છે.

### ૫. ઓછા ખર્ચાળ સમુદાય-આધારિત પ્રયાસોનો અભ્યાસ

ઓછા ખર્ચાળ સમુદાય-આધારિત અભિગમો ઓળખી કાઢવા જોઈએ અને તેમનો અભ્યાસ કરવા વિશેષ પ્રયાસો કરવા જોઈએ કે જેથી તેમનો વ્યાપ વધારી શકાય અને તેમના જેવા બીજા પ્રયોગો કરી શકાય. સૌથી વધુ નવતર અને આશાસ્પદ એવી સામુદાયિક દરમ્યાનગીરી એ છે કે જે સ્થાનિક સ્તરની વાસ્તવિકતાનો પ્રતિભાવ આપે છે. તે માબાપ અને સમુદાય સહિતના તમામ હિતધારકોને સામેલ કરે છે, અને તેનું મજબૂત અનૌપચારિક નેટવર્ક હોય છે. આમાંની ઘણી બધી દરમ્યાનગીરી અસરકારક અને ઓછી ખર્ચાળ હોય છે અને તેથી તે અમુક નિશ્ચિત પરિસ્થિતિમાં બંધબેસતી હોય છે. બહારથી જે મોડેલ લાદવામાં આવે તેના કરતાં આ વધારે લાંબો સમય ટકવાની શક્યતાઓ વધે છે.

### ૬. સંકલિત બાળ વિકાસ સેવાઓને મજબૂત બનાવવી અને બાળ સંભાળ કાર્યકરની ભૂમિકાને સ્વીકારવી

ત્રણ વર્ષની નીચેનાં બાળકોને લાભ થાય તે રીતે આ યોજનાઓ નવેસરથી ઘડવી જોઈએ. અમલ અને ફાળવણીમાં હાલ જે ખામીઓ છે તે દૂર કરવાની જરૂર છે. બાળ સંભાળ કાર્યકરોનાં વેતન, કામની સ્થિતિ, તાલીમ અને એક્રેડિટેશન વિશે નીતિવિષયક સ્તરે વિચારવાની જરૂર છે. બાળ સંભાળ કાર્યકરો નીચો દરજ્જો ધરાવે છે, તેમને ઓછો દરમાયો મળે છે અને તેમને કોઈ આદરમાન મળતાં નથી. તેમ છતાં તેઓ પ્રેમાળ, ઉત્સાહી અને સુસજ્જ હોય એવી અપેક્ષા રખાય છે. ઘણા અનુભવો એમ દર્શાવે છે કે તે આવક અને રોજગારીનું એક સ્રોત છે.

**સંપર્કઃ** સેવા ભારત, પહેલો માળ, ૭/૫, સાઉથ પટેલ નગર, નવી દિલ્લી - ૧૧૦ ૦૦૮

# રાષ્ટ્રીય મહિલા પંચ અને સ્ત્રીઓના પ્રજનનલક્ષી અધિકારો

કેન્દ્ર સરકારના માનવ સંસાધન મંત્રાલયે તાજેતરમાં એક પરિપત્ર બહાર પાડીને 'રાષ્ટ્રીય મહિલા પંચ'ની કેટલીક સત્તાઓ કાપવાનો પ્રયત્ન કર્યો છે. તેના સંદર્ભમાં પંચની સ્વાયત્તતા સંદર્ભે કયા મુદ્દા ઉપસ્થિત થાય છે તેની વિશદ છણાવટ કરતો એક લેખ **સુશ્રી વૃંદા કારટ** દ્વારા લખાયો છે. ઉપરાંત 'સેન્ટર ફોર હેલ્થ એન્ડ જેન્ડર ઈક્વીટી'નાં **સુશ્રી રુપસા મલ્લિક** દ્વારા ભારતની સંસદે તાજેતરમાં બે કાયદાઓમાં જે સુધારા કરાયા છે તેને મહિલાઓના અધિકારો સાથે કેટલો અને કેવો સંબંધ છે તેને વિશે બીજો એક લેખ લખ્યો છે. આ બન્ને લેખો અત્રે પ્રસ્તુત છે.

## રાષ્ટ્રીય મહિલા પંચની સ્વાયત્તતા પર તરાપ – સુશ્રી વૃંદા કારટ

સ્વાયત્ત 'રાષ્ટ્રીય મહિલા પંચ'ની સ્થાપના થાય તે માટે મહિલા સંગઠનોએ દાયકાઓ સુધી લડત આપી તે પછી સંસદના કાયદા દ્વારા તેની સ્થાપના થઈ. માનવ સંસાધન વિકાસ મંત્રાલયે એક સત્તાવાર પરિપત્ર બહાર પાડીને આ લડતને તહસનહસ કરી નાખી છે અને પંચની કામગીરીમાં ભંગાણ પાડ્યું છે. તા.૨૦-૯-૨૦૦૨ના રોજ જે પરિપત્ર બહાર પડાયો છે તેને કાયદાનું કોઈ પીઠબળ નથી. કારણ કે તે મંત્રાલયના કાર્યક્ષેત્રની બહારની બાબત છે. તેમાં બે ફેરફારો કરવામાં આવ્યા છે. પહેલો ફેરફાર પંચના સભ્યો વચ્ચે સત્તાની વહેંચણી અંગેનો છે અને જો યોગ્ય કાર્યવાહીને અનુસરવામાં આવે તો તેમાં કશું વાંધાજનક નથી. બીજો ફેરફાર પંચના અધિકારો પર તરાપ મારે છે.

પરિપત્રમાં એમ કહેવાયું છે કે બહારનાં સંગઠનો, વ્યક્તિઓને આપવામાં આવતું અનુદાન, કાર્યશાળાઓ, પરિસંવાદો વગેરે માટેનું ખર્ચ ખાતા સાથે અને સંકલિત નાણાં વિભાગ સાથે ચર્ચા-વિચારણા કરીને કરવું. પંચ દ્વારા હાલ જે યોજનાઓ ચાલે છે અને નવી યોજનાઓ અમલી બનાવાય તેમની સમીક્ષા પણ ખાતા અને સંકલિત નાણાં વિભાગ સાથે વિચાર-વિમર્શ કરીને કરાશે. આ બાબત સંસદે કરેલા રાષ્ટ્રીય મહિલા પંચ ધારો-૧૯૯૦ની જોગવાઈઓની વિરુદ્ધ છે. તેમાં કલમ-૧૧(૨) હેઠળ પંચની નાણાકીય સ્વાયત્તતાનું સ્પષ્ટપણે રક્ષણ કરવામાં આવ્યું છે. આ કલમ સ્પષ્ટ રીતે એમ દર્શાવે છે કે પંચ પોતાને આ ધારા હેઠળ યોગ્ય લાગે તે કાર્યો કરવા માટે ખર્ચ કરી શકે છે અને આવી રકમ પેટા કલમ-(૧)માં જેનો ઉલ્લેખ કરાયો છે તેવાં અનુદાનોમાંથી વાપરવામાં આવશે. સંગઠનોને કે વ્યક્તિઓને અનુદાન આપવા અંગે કે પંચ દ્વારા ચલાવાતી યોજનાઓ અંગે સરકારના કોઈ ખાતા સાથે વિચાર-વિમર્શ કરવા અંગે આ ધારામાં કોઈ ઉલ્લેખ જ નથી.

ઉપરોક્ત પરિપત્ર દ્વારા ખાતા સાથે વિચાર-વિમર્શ ફરજિયાત બનાવાયો છે. એનો અર્થ એ થયો કે ખાતાને અને મંત્રાલયને દખલગીરી કરવાની સત્તા મળે છે, કારણ કે ખર્ચ નક્કી કરવામાં તેનો કક્કો હશે જ. ધારામાં એવી જોગવાઈ છે કે મહિલાઓ સંબંધી તમામ નીતિવિષયક બાબતો માટે સરકારે પંચ સાથે વિચાર-વિમર્શ કરવો. પરિપત્ર ધારાની આ જોગવાઈને તદ્દન ઊંધી કરી નાખે છે અને પંચ માટે મંત્રાલય સાથે વિચાર-વિમર્શ કરવાનું ફરજિયાત બનાવે છે. આ એક છૂપું કાવતરું છે, સરકારે સંસદને પૂછ્યા વિના જ એક સ્વાયત્ત સંસ્થા હડપ કરી લીધી છે. ૧૯૯૨માં 'રાષ્ટ્રીય મહિલા પંચ'ની રચના થઈ ત્યારથી પંચ સરકાર દ્વારા અને ખાસ કરીને મહિલા અને બાળ વિભાગ દ્વારા પંચની સત્તાઓ ધોઈ નાખવાના અને ખાતાની તળે પંચને લાવવાના થતા પ્રયાસોને ખાળતું રહ્યું છે.

પરંતુ સરકારે આ માટે હમણાં સીધાં પગલાં લીધાં છે અને પંચ સામે તેણે તીર તાક્યાં છે. એનાં થોડાંક ઉદાહરણો જોઈએ: પંચના અધ્યક્ષ અને તેના સભ્યોનો દરજ્જો અન્ય પંચો કરતાં જુદો છે. જ્યારે સરકારે રાષ્ટ્રીય મહિલા નીતિ ઘડી ત્યારે પંચની સાથે સૌ પ્રથમ વિચાર-વિમર્શ કરાવો જોઈતો હતો. પણ તેની દરકાર ના કરાઈ. જ્યારે સરકારે અંદાજપત્રમાં મહિલા-સંબંધી યોજનાઓ ઉપરનું ખર્ચ ઘટાડ્યું ત્યારે પંચને કશી ખબર જ નહોતી.

કાનૂની સુધારા વખતે પણ સરકારને પંચની સાથે વિચાર-વિમર્શ કરવાનું જરૂરી લાગ્યું નહોતું. એનું તાજેતરમાં ઘરેલૂ હિંસાને મંજૂરી આપનારો ધારો છે. આ ખરડા વિશેની સમગ્ર ચર્ચામાં તેની ભૂમિકા તદ્દન નજીવી જ રહી, જાણે કે પંચનું કોઈ અસ્તિત્વ જ નથી. બરાબર આવું જ પીએનડીટી ધારામાં સત્તાવાર સુધારા કરવામાં આવ્યા ત્યારે બન્યું હતું. મહિલા સંગઠનો પંચને તેની સ્વાયત્તતાના ધોરણે કામ કરવા ભારપૂર્વક જણાવે છે અને કમ-સે-કમ 'રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ' જેવાં અન્ય પંચોની સમકક્ષ તેને બનાવવા માટે પણ કહે છે. રાજકીય પક્ષોના નેતાઓ રાષ્ટ્રીય મહિલા પંચ જેવા પંચના સભ્યો બને ત્યારે તેઓ તેમની રાજકીય માન્યતાઓ છોડે એવી અપેક્ષા તો

રખાય જ નહિ. પરંતુ તેમણે તો સંસ્થાને જે કાર્યસોંપણી થઈ છે તેના સંદર્ભમાં કામ કરવાનું છે. અગાઉની સરકારો દ્વારા નિયુક્તિ પામેલાઓએ એકંદરે લઘુતમ આવશ્યક રાજકીય તટસ્થતા જાળવી હતી. નીતિવિષયક બાબતોમાં અને મહિલાઓ વિશેની બાબતોમાં તેવી તટસ્થતા જળવાઈ હતી. તેનાથી વિરુદ્ધ, વર્તમાન પંચની ભૂમિકા સ્પષ્ટ રીતે સરકાર દ્વારા જ નક્કી થાય છે.

સૌથી દેખીતું ઉદાહરણ ગુજરાતનું છે. જો કે, એ કંઈ એકલદોકલ ઉદાહરણ નથી. વાસ્તવમાં, 'રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ' દ્વારા રમખાણોમાં અસરગ્રસ્ત મહિલાઓ સંબંધી પ્રશ્નો ઉઠાવાયા. જો કે, એ મુદ્દા 'રાષ્ટ્રીય મહિલા પંચ' દ્વારા ઉઠાવાવા જોઈતા હતા. આઘાતજનક બાબત એ છે કે, પંચે જે ફેરફારો કરવામાં આવ્યા તેની સામે વિરોધ નોંધાવ્યો નહિ. બીજી તરફ, અધ્યક્ષે તો તેના અમલની જ માગણી કરી.

અનેક મતભેદો હોવા છતાં, મહિલા સંગઠનોએ પંચની સત્તાઓનું રક્ષણ કર્યું છે, તે પણ એવી સમજ સાથે કે વ્યક્તિઓ કરતાં સંસ્થાઓ લાંબું જીવે છે. આ અભિગમ આજે પણ એટલો જ સાચો અને પ્રસ્તુત છે. 'અખિલ ભારતીય લોકતાંત્રિક મંડળ' દ્વારા મંત્રાલયને જે પત્ર લખવામાં આવ્યો છે તેમાં જણાવાયું છે કે, "પંચની સત્તાઓ પર સરકારો તરાપ ના મારે તે જોવાનું મહિલા સંગઠનોના હિતમાં છે. પંચના સભ્યો ગમે તે હોય, પણ તેમની ચુપ્પી, સંમતિ, સાથીદારી વગેરેના ઉલ્લેખ કે સંદર્ભ વિના જ અમે તે કહીએ છીએ."

દેશભરનાં મહિલા સંગઠનો આ પરિપત્ર પાછો ખેંચાય તેની માગણી યોગ્ય રીતે કરવા દરમ્યાનગીરી કરશે જ એમાં કોઈ શંકા નથી. સંસદે અને ખાસ કરીને સંસદની મહિલા અધિકારિતા સમિતિએ ઝડપથી 'રાષ્ટ્રીય મહિલા પંચ'ની સત્તાઓ જતી ના રહે તે માટે કામ કરવું પડશે, નહિ તો પંચમાંથી મહિલાઓની જ બાદબાકી થઈ જશે.

('ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ની તા. ૧૩-૧૧-૨૦૦૨ની આવૃત્તિમાંના લેખનો અનુવાદ)

## સ્ત્રીઓના પ્રજનનલક્ષી અધિકારો વિશે બે કાયદામાં સુધારા

**– સુશ્રી રુપસા મલ્લિક**

ભારતની સંસદે તાજેતરમાં બે વર્તમાન કાયદાઓમાં સુધારા પસાર કર્યા છે. એક ગર્ભપાત અંગેનો છે અને બીજો બાળકની જાતિ પસંદગી તથા ગર્ભ જાતિ પરીક્ષણ ઉપર પ્રતિબંધ મૂકતો છે. આ બંને સુધારાઓ બારીકાઈથી તપાસીએ તો જણાય છે કે મહિલાઓના અધિકારો અંગે તેમાંથી મિશ્ર સંકેતો મળે છે.

પાંચમી ડિસેમ્બર - ૨૦૦૧ના રોજ ૧૯૭૧ના મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એક્ટમાં સુધારો કરાયો. આ કાયદો ભારતમાં સ્ત્રીઓને અનૈચ્છિક ગર્ભના નિવારણ માટે અધિકાર આપે છે. આ કાયદા દ્વારા સ્ત્રીઓના આરોગ્ય ક્ષેત્રે લાભ થયો છે તેમ છતાં ભારતમાં ગેરકાનૂની અને અસલામત રીતે થતા ગર્ભપાતનું પ્રમાણ ઘણું ઊંચું છે. ૧૯૯૮ના અંદાજ મુજબ દર વર્ષે ભારતમાં અનારોગ્યપ્રદ સ્થિતિમાં તાલીમ વિનાના લોકો દ્વારા ૬૭ લાખ ગર્ભપાત કરાવવામાં આવે છે. દેશભરમાં પ્રસૂતા સ્ત્રીઓનાં મોતનું પ્રમાણ ઊંચું છે તેનું એક કારણ અસલામત ગર્ભપાતને લીધે ઊભી થતી તકલીફો છે.

કાનૂની રીતે થતા ગર્ભપાતને વધારે પહોંચવાળો બનાવીને અસલામત ગર્ભપાતનું પ્રમાણ ઘટાડવા માટેનો મુખ્ય ઉદ્દેશ તાજેતરના આ કાયદાના સુધારામા રખાયો છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ગર્ભપાત માટેની સવલતોનો અભાવ અસલમાત અને ગેરકાનૂની ગર્ભપાતના ઊંચા પ્રમાણ માટેનું એક અગત્યનું કારણ ગણવામાં આવે છે. આ સુધારામાં એક સૌથી મહત્ત્વની જોગવાઈ એ કરવામાં આવી છે કે ગર્ભપાત માટેનાં કેન્દ્રોની નોંધણી અને મંજૂરીની જે સત્તા અત્યારે રાજ્ય સ્તરે કેન્દ્રિત થઈ છે તે જિલ્લા સ્તરે ખસેડવામાં આવી છે. ભારતમાં અસલામત ગર્ભપાતની સંખ્યા ઘટાડવા માટેનું આ એક અગત્યનું પગલું છે. ઉત્તર પ્રદેશમાં ૮ કરોડ સ્ત્રીઓ માટે માત્ર ૬૦૦ જેટલાં જ કાનૂની રીતે માન્ય ગર્ભપાત કેન્દ્રો છે. આવું ઘણાં રાજ્યોમાં છે. આવાં કેન્દ્રોને માન્યતા આપવાની હાલની પદ્ધતિ ભારે કંટાળાજનક અને ધીમી છે. દા.ત. અત્યારે દિલ્હીમાં જ ૨૫૦ કેન્દ્રો માન્યતાની રાહ જોઈ રહ્યાં છે. સાથે સાથે વિકેન્દ્રીકરણના આ પ્રયાસો ઉપર ચાંપતી નજર રાખવાની જરૂર છે કે જેથી ગુણવત્તાયુક્ત સંભાળ સાથે કોઈ બાંધછોડ ના થાય, અને તાલીમ અને ટેકનોલોજી માટે પૂરતાં સંસાધનો મળી રહે.

૧૧મી ડિસેમ્બર-૨૦૦૧ના રોજ સંસદે પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટિક ટેકનિક્સ (રેગ્યુલેશન એન્ડ પ્રિવેન્શન ઓફ મિસયુઝ) એમેન્ડમેન્ટ ખરડો પસાર કર્યો. ગયા વર્ષ દરમ્યાન બાળકની જાતિની પસંદગી અને જાતિ પરીક્ષણનો મુદ્દો ઘણો ચર્ચાસ્પદ અને ચિંતાપ્રેરક રહ્યો છે. એનું આંશિક કારણ એ છે કે ૨૦૦૧ની વસ્તી ગણતરીની માહિતી સ્ત્રી-પુરુષ બાળકોનું બદલાયેલું પ્રમાણ જાહેર કરે છે. ગર્ભ જાતિ પરીક્ષણ અને ગર્ભ જાતિ પસંદગીને આધારે ગર્ભપાતનું પ્રમાણ ભારતમાં ખૂબ ઝડપથી વધ્યું છે. તેનું કારણ એ છે કે પુત્ર પ્રાપ્તિ માટેનું દબાણ અને ઓછાં બાળકોવાળા પરિવારનું દબાણ બંને સ્ત્રીઓ પર કામ કરે છે. વર્તમાન કાયદો સુધારવા માટેની મુખ્ય જરૂરિયાત ગર્ભ જાતિ પરીક્ષણ ઉપરનો પ્રતિબંધ વધારે વ્યાપક બનાવવાની રહી છે. તેમાં જાતિ પસંદગી માટે પ્રિ-કન્સેપશન અને પ્રિ-ઇમ્પ્લિમેન્ટેશન જેનેટિક ડાયગ્નોસિસના ઉપયોગનો

સમાવેશ થઈ જાય છે કે જેનાથી બાળકની જાતિની પસંદગી થાય છે. અન્ય નવી જોગવાઈઓમાં ડોકટરોએ તેમને અપનાવેલી પદ્ધતિના લેખિત દસ્તાવેજો રાખવા અને કાયદાનું પાલન થવું છે તે દર્શાવવા માટે રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરના દીવાની અદાલતની સત્તા ધરાવતા અધિકારીઓને તે સુપરત કરવા અને જ્યાં ભંગ થયેલો હોય ત્યા કાર્યવાહી કરવી વગેરેનો સમાવેશ થાય છે. આ સુધારાઓ એકસાથે પસાર કરવામાં આવ્યા તે ભારતમાં ગર્ભપાત વિશેની ચર્ચા જટિલ બની છે તેના પર ભાર મૂકે છે. એક તરફ વિધાયકોએ સ્ત્રીની પસંદગીને ધ્યાનમાં લીધી છે અને અસલામત ગર્ભપાતો ઘટાડવા માટે ચિંતા કરી છે તો બીજી તરફ, સ્ત્રીઓ ક્યારે અને શા માટે ગર્ભપાત કરાવે છે તે પ્રશ્નોએ વધારે ધ્યાન ખેંચ્યું છે કારણ કે ભારતમાં સ્ત્રી-ગર્ભનો ગર્ભપાત કરાવવાનો દર ઘણો ઊંચો રહ્યો છે. ભારતીય સમાજમાં છોકરીઓ અને સ્ત્રીઓ પ્રત્યે જે પરંપરાગત ભેદભાવ રાખવામાં આવે છે તેનું જ આ પરિણામ છે.

આંકડાઓ હવે એમ જણાવે છે કે ભારતમાં ઘણી સ્ત્રીઓ ગર્ભ મોટો થાય પછી ગર્ભપાત કરાવે છે. એનું કારણ એ છે કે તેઓ ગર્ભમાંના બાળકની જાતિનું પરીક્ષમ કરાવે છે અને તેનું પરિણામ જાણ્યા પછી જ ગર્ભપાત કરાવે છે. આ પરિસ્થિતિ એમ દર્શાવે છે કે જે સ્ત્રી-પુરુષ અસમાનતા પ્રવર્તે છે તે અને જે કાનૂની કાર્યવિધિઓ છે તેની જરૂરિયાત વચ્ચે ક્યાંય મેળ ખાતો નથી. ભારતમાં પ્રમાણિત તબીબોનો અભાવ હોવાને લીધે મંજૂરી માટેની કાર્યવાહી માટે બે તબીબોની જરૂરિયાત હોવાને લીધે બીજી પ્રસૂતિમાં ગેરકાનૂની ગર્ભપાતનો દર ઘણો ઊંચો રહે છે. ઘણી સ્ત્રીઓ પર પુત્ર હોવાનું પારિવારિક અને સામાજિક દબાણ ખૂબ હોય છે અને જો બીજો ગર્ભ પણ સ્ત્રી બાળકનો હોય તો તેઓ ગર્ભપાત કરાવે છે અને માહિતીના અભાવે તાલીમબદ્ધ ન હોય તેવી દાયણો પાસે તેવા ગર્ભપાત થતા હોય છે. જાતિની પસંદગીને આધારે થતા ગર્ભપાત અસલામત ગર્ભપાતનું પ્રમાણ વધારે છે એમ ઘણા અભ્યાસો જણાવે છે. તેમ છતાંય બાળકની જાતિને આધારે સ્ત્રીઓ જે ગર્ભપાત કરાવે છે તે કાયદાના માધ્યમથી દૂર થઈ શકે તેમ નથી.

આ બંને કાયદાકીય સુધારા ભારતમાં સ્ત્રીઓનાં આરોગ્ય અને અધિકારોની પરિસ્થિતિ સુધારવા માટેની દિશામાં વિધાયક કદમ છે. સાથે સાથે આમાંનો એક પણ પ્રશ્ન માત્ર કાયદા દ્વારા ઉકેલી શકાશે નહિ. ભારતમાં અસલામત ગર્ભપાત કે ગર્ભ જાતિ પરીક્ષણનું પ્રમાણ ઘટાડવામાં આ બંને સુધારાની ક્ષમતા મર્યાદિત છે. સ્ત્રીઓ અને છોકરીઓ પ્રત્યેનાં સામાજિક અને સાંસ્કૃતિક વલણો બદલવા માટે તે માટે ગંભીર પ્રતિબદ્ધતા દાખવવી પડે અને સરકારની પોતાની નીતિઓમાં જે વિરોધાભાસો છે તે દૂર કરવા પડે. દા.ત. રાજ્ય સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે વસ્તી નીતિમાં વસ્તી નિયંત્રણ મહત્ત્વનો ઉદ્દેશ રહ્યો છે. ઐતિહાસિક રીતે રાષ્ટ્રીય કુટુંબ કલ્યાણ કાર્યક્રમે વસ્તી નિયંત્રણ પર બહુ ઓછું ધ્યાન આપ્યું છે અને તેથી બે બાળકોના જન્મ વચ્ચે વધુ સમય રાખવાની બાબત કરતાં વંધ્યીકરણને મહત્ત્વ અપાયું છે. તેથી પસંદગીઓનો અભાવ રહ્યો છે. તેને પરિણામે જે સ્ત્રીઓ બે બાળકો વચ્ચે સમય રાખવા માગે છે પણ સગર્ભવસ્થા રોકતી નથી. તે સ્ત્રીઓ ગર્ભપાતનો આશ્રય લે છે. હાલની નીતિઓ દ્વારા ઓ બાબતને પ્રોત્સાહન અપાય છે. અનેક રાજ્યોમાં પણ બે બાળકોના ધોરણ ઉપર ભાર મુકાય છે અને સાથે સાથે મહિલાઓના વંધ્યીકરણ ઉપર ભાર મુકાય છે. કેટલાંક રાજ્યોમાં તો એથી પણ આગળ વધાયું છે. જેમ કે, ઉત્તર પ્રદેશમાં વસ્તી નીતિમાં સ્ત્રીઓનાં વંધ્યીકરણ માટે ગર્ભપાતની સેવાઓને શરતી બનાવાઈ છે.

સગર્ભાવસ્થા દરમ્યાન ગર્ભ જાતિ પસંદગી ઉપર પ્રતિબંધ મૂકતા કાયદાઓની અસરકારકતા વધારવા માટે બે બાળકોના ધોરણને પ્રોત્સાહન આપવા પ્રોત્સાહનો અને સજા કરવાની નીતિઓ રાખી શકાય નહિ. સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવનાં વલણો દૂર કરવા માટેના સર્વગ્રાહી પ્રયાસો થતા નથી ત્યારે પુત્ર પ્રાપ્તિની ઈચ્છા દૂર નહિ થાય અને સ્ત્રી બાળકના ગર્ભપાત માટેનું દબાણ પણ ઓછું નહિ થાય એ સ્પષ્ટ છે કે બે બાળકના ધોરણને લાદવા માટે દબાણકારી નીતિઓ ગર્ભ જાતિ પરીક્ષણ અને પસંદગીનું પ્રમાણ વધારશે.

ગર્ભનીતિ પસંદગી અને સલામત ગર્ભપાત વિશેના પ્રશ્નો પરસ્પર સંકળાયેલા છે. મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એક્ટ ભારતમાં સ્ત્રીઓને સલામત ગર્ભપાત માટેનો અધિકાર આપે છે પણ તેને વિશે વિવાદ ઊભો થયો છે કારણ કે ગર્ભ જાતિ પરીક્ષણ અને ગર્ભ જાતિની પસંદગીના આધારે થતા ગર્ભપાત વિશે ભારે ગરમાગરમ ચર્ચાઓ થઈ રહી છે. કાયદામાં સુધારા અંગે થયેલા ખરડા વિશે સંસદમાં થયેલી ચર્ચા દરમ્યાન અનેક સભ્યોએ આ સુધારો સ્ત્રી બાળકના થતા ગર્ભપાતને રોકવામાં કેટલો ઉપયોગી થશે એના વિશે શંકાઓ વ્યકત કરી હતી. એક સાંસદે તો એવો સવાલ પણ પૂછ્યો હતો કે શું ગર્ભપાત એ ગર્ભહત્યા તો નથીને? એ બે વચ્ચે ખરેખર શો તફાવત છે? સ્ત્રી બાળકના ગર્ભપાતને રોકવાની જરૂરિયાત અને સલામત ગર્ભપાતની વ્યવસ્થાની પ્રાપ્યતા એ બે વચ્ચેનો સંબંધ તેથી વિવાદાસ્પદ બન્યો છે. કેટલાક ભિન્ન ભિન્ન પણ પરસ્પર સંકળાયેલા મુદ્દાઓ વિશે સર્વગ્રાહી કાયદાની તરફેણ કરી છે. આ બાબત અંગે મહિલા જૂથો સાથે વિચાર-વિમર્શ કરવો જોઈએ. તેમાં પોતાની પ્રજોત્પત્તિ પર સ્ત્રીઓને મૂળભૂત અધિકાર અને અંકુશ રહે એ જરૂરી છે અને સાથે સાથે ગર્ભ જાતિ પસંદગી ઉપર રખાતા વધુ પડતા આધારને ડામવાના ગંભીર પ્રયાસો પણ થવા જોઈએ.

**જુઓ પૃષ્ઠ ૧૫**

# બાળકોનું જાતીય શોષણઃ એક અદશ્ય અભિશાપ

બાળકોના જાતીય શોષણના પ્રશ્ને ધ્યાન દોરવા માટેની ઝુંબેશના ભાગ તરીકે તથા સંશોધન દસ્તાવેજ તરીકે 'કોટ્ટમ - સોસાયટી ફોર અવેરનેસ એન્ડ રિફોર્મેશન'નાં મંત્રી **સુશ્રી સીમા ભાસ્કરન** દ્વારા આ લેખ તૈયાર કરાયો છે. કેરળના પાંચ જિલ્લાઓ - થ્રિશુર, માલાપુરમ, ત્રિવેન્દ્રમ, વાયાનંદ અને એર્નાકુલમ - માંથી આ માહિતી એકત્ર કરાઈ છે. ૧૯૯૨માં થ્રિશુર જિલ્લામાં ચેંગલૂર ખાતે યુવાનો દ્વારા ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવવા 'કોટ્ટમ'ની સ્થાપના કરાઈ હતી. આરંભમાં વિવિધ સરકારી કચેરીઓમાં થતો ભ્રષ્ટાચાર, શરાબ સામે મહિલાઓનું આંદોલન, ડાંગરનાં ખેતરોમાં માટીનું ખોદકામ અને સ્ત્રીઓ પરની હિંસા વગેરે જેવા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા. છેલ્લાં પાંચ વર્ષથી તેઓ બાળકોના જાતીય શોષણના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

## પૂર્વભૂમિકા

બળાત્કાર સહિતનું જાતીય શોષણ ત્રાસદીનું સૌથી વધુ ઘાતકી અને અમાનવીય સ્વરૂપ છે. જીવનના સૌથી વધુ પવિત્ર અને સુંદર તત્ત્વ અને ઊર્જાના સર્જનાત્મક સ્રોતને આપણી સ્ત્રીઓને અને બાળકોને તદ્દન નગણ્ય બનાવવા, હતોત્સાહી બનાવી દેવા, અપમાનિત કરવા અને તેમનો વિનાશ નોતરવાના એક સાધન કે શસ્ત્ર તરીકે વાપરવામાં આવે છે. સમાજના તમામ સ્તરે ત્રાસદીનું આ સ્વરૂપ ફેલાયું છે. કુટુંબ, લગ્ન, શાળા, કોલેજ, કામનું સ્થળ, ધાર્મિક સંસ્થાઓ, પોલિસ, લશ્કર, રાજ્ય બધે જ. અને આ બધી જ સંસ્થાઓ સ્ત્રીને ફરી વાર અસરગ્રસ્ત બનાવે છે. ભારતમાં જાતીય શોષણનો ઉપયોગ ઉચ્ચ જ્ઞાતિના પુરુષો દ્વારા ખાસ કરીને દલિત સ્ત્રીઓને તેમના સ્થાને પાછી ધકેલી દેવા માટેના દબાણના સાધન તરીકે કરવામાં આવે છે. કોમી રમખાણો દરમ્યાન કોઈ એક સમુદાય સામે બદલો લેવાની પદ્ધતિ તરીકે તેનો ઉપયોગ થાય છે, વિકાસલક્ષી કાર્યક્રમોનો અમલ કરવામાં આવે છે ત્યારે સૌથી ગરીબ એવા આદિવાસીઓને તેમનું ઘર પરાણે ખાલી કરાવવા પોલિસ પણ તેનો ઉપયોગ કરે છે. બાળકોનું જાતીય શોષણ પણ વ્યાપક છે અને તે ગુપ્તતા અને શરમનાં વાદળાં હેઠળ દૂર ધકેલાઈ જાય છે.

જ્યાં આરોપી સજા વિના છૂટી જાય છે અને બાળક કલંક અને આઘાત સાથે જીવે છે ત્યાં બાળકોનું જાતીય શોષણ ગુનો બની જાય છે અને માફ કરી શકાય તેવો ગુનો બની જાય છે કારણ કે તે સત્તાની રમત બને છે. સત્તાની રમતનો અર્થ એ છે કે બે જાતિઓ - સ્ત્રી અને પુરુષ - વચ્ચેની સત્તાનું અસંતુલન છે અને શક્તિશાળી, આર્થિક, સામાજિક અને રાજકીય સ્થિતિ દ્વારા પુરુષો તે સત્તા મેળવે છે અને જાતીયતાની વ્યાખ્યા તેઓ જ નક્કી કરે છે. બાળકો પરનો જાતીય હુમલો શારીરિક, સંવેદનાત્મક, માનસિક, નૈતિક અને સામાજિક સ્તરનો હોય છે. યોનિનું કૌમાર્ય અને પવિત્રતાનો ખ્યાલ આપણા સમાજમાં જે રીતે મૂલ્યાવાન છે અને જે રીતે તેનું મૂલ્ય સમજવામાં આવે છે તેમાં, જ્યારે સ્ત્રી બાળક ઉપર જાતીય હુમલો થાય છે ત્યારે તેના ઉપર જ દોષનો ટોપલો ઢોળવામાં આવે છે.

## કેટલાક અભ્યાસો

મેં નજીકથી જેમની સાથે કામ કર્યું છે તેવાં કેટલાંક બાળકોનાં ઉદાહરણો આપું:

છ વર્ષની એક છોકરીને ૩૦ વર્ષના એક પુરુષ દ્વારા મુખમૈથુન કરાવડાવ્યું. તેનાં મા-બાપને આ એકમાત્ર સંતાનનો ગર્ભ લગ્નનાં અનેક વર્ષો પછી રહ્યો હતો અને તેમને ભારે આઘાત લાગ્યો. છોકરી બગીચામાં રમી રહી હતી અને ત્યાંથી આરોપી તેને ખેંચીને તેને લઈ ગયો હતો. તે ચોથી કે પાંચમી વાર આ ગુનો કરી રહ્યો હતો પણ સામાજિક કલંક લાગી જવાની બીકે બાળકોનાં મા-બાપ ચૂપ રહેતાં હતાં. કાડંગલૂરની અદાલતમાં અત્યારે આ કેસ ચાલી રહ્યો છે. સરકારી વકીલની ગેરહાજરીને લીધે તેમાં ચાર વાર મુદત પડી છે. બાળકને જબરજસ્ત આઘાત લાગ્યો છે, તે અંતર્મુખી બની ગયું છે અને સતત તેનું વજન ઘટતું જાય છે.

એક છોકરીની તેના માસા દ્વારા અનેક વર્ષો સુધી સતત છેડતી કરવામાં આવી. માસા-માસી નિઃસંતાન હતાં તેથી તે ત્યાં રહેતી હતી અને તેની માતા પોતાની બહેનના નિઃસંતાનપણા વિષે ખૂબ ચિંતિત રહેતી હતી. છોકરીએ કશું જાહેર ના કર્યું કારણ કે તેના માતાપિતા વચ્ચે ખટરાગ હતો અને તેથી તે મૂંઝવણમાં રહેતી હતી. બાળપણથી જ તે અસલામતી અનુભવતી હતી. તે પોતાની જાતને દોષિત સમજતી હતી, હતાશા અનુભવતી હતી અને સતત તે આત્મહત્યા કરવાનું વિચાર્યા કરતી હતી. તે જ્યારે મોટી થઈ ત્યારે જ તેને મનોચિકિત્સાની જરૂર પડી અને તેના દબાયેલા ગુસ્સા તથા દુઃખને તે સહન કરી શકતી નહોતી અને તેથી તે ઊંડા આઘાતમાં સરી પડી. પોતાના લગ્ન

જીવનમાં પણ તે સતત પોતાની જાતને દોષિત સમજતી રહી અને કશાય માટે તે યોગ્ય નથી એમ સમજતી રહી. તેની પશ્ચાદ્ અસરોએ તેને વિશે તેની પોતાની છાપને વિકૃત અને ખરાબ કરી નાખી.

છ વર્ષની એક છોકરીનું તેના પાડોશી એવા ૨૮ વર્ષના એક પુરુષ દ્વારા શોષણ થયા કર્યું, તે જ્યારે રમતી હતી ત્યારે તેને ખેંચી જવામાં આવી અને તેના પર હુમલો કરાયો. તેના પર બળાત્કાર કરવાનો પેલા પુરુષે પ્રયત્ન કર્યો પણ બાળકીની ઉંમરને લીધે એ થઈ ના શક્યું. તે એક શાળાના પટાવાળાનું એકનું એક સંતાન છે. અનેક મુસીબતો પછી તેમને આ સંતાન હતું અને તેઓ બીજા સંતાનને જન્મ આપી શકે તેમ નથી. તેમણે ખૂબ પ્રેમ અને કાળજી સાથે પોતાના સંતાનને ઉછેર્યું છે. તેઓ હવે પોતાની જાતને ભયંકર દોષી સમજે છે પણ તેમાં તેમનો કોઈ વાંક નથી, આરોપી તો પેલો પાડોશી છે. તે જ જ્યારે છેકરી રમતી હતી ત્યારે બળપૂર્વક તેને ખેંચી ગયો હતો, અને માતા તો ત્યારે ઘરકામ કરી રહી હતી. બાળકોના જાતીય શોષણના આવા મોટા ભાગના કિસ્સામાં શોષકને બાળક જાણતું હોય છે અને તેના પ્રત્યે આદર ધરાવતું હોય છે.

આ સમસ્યા વ્યકિતગત ભૂલ તરીકે કે વિકૃતિ તરીકે ગણી શકાય તેમ નથી. તેનું કોઈ એક કારણ હોતું નથી. પરંતુ આ એક જટિલ સમસ્યા છે અને સંભવતઃ આપણા સમાજમાં નૈતિક મૂલ્યોનું અધઃપતન તેને માટે જવાબદાર છે. પાંચ જણા દ્વારા તા.૧૫-૩-૧૯૯૮થી ૨૫-૩-૧૯૯૮ સુધી ૧૨ વર્ષના એક છોકરાનું જાતીય શોષણ થયું. આ કેસ તા.૨-૪-૧૯૯૮ના રોજ નોંધાયો પણ અદાલતમાં તા.૨૮-૨-૧૯૯ના રોજ આરોપ દાખલ કરાયો. તેની સાથેના હાદસા પછી છોકરાને વાઈ આવે છે અને લાંબા સમય સુધી બેભાન થઈ જાય છે. ભણતરમાં તેનો દેખાવ બગડ્યો છે અને ૧૦મા ધોરણની પરીક્ષામાં તે નપાસ થયો છે. છોકરાની ભારે નાદુરસ્તી છતાં, બચાવ પક્ષના વકીલે ભરી અદાલતમાં ખૂબ લાંબા સમય સુધી તેની ઉલટતપાસ કરી. 'કોટ્ટમ' દ્વારા નોંધાવાયેલી ફરિયાદના અનુસંધાનમાં વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિએ તરત જ બંધબારણે અદાલતી કાર્યવાહી ચલાવવા હુકમ કર્યો. તેમ છતાં, તા.૨૦-૧૨-૨૦૦૦ના રોજ છોકરો ઉલટતપાસને સહન કરી શક્યો નહિ અને અદાલતના ખંડમાં જ ફસડાઈ પડ્યો. ઘટનાના બે વર્ષ પછી પણ બાળક ઉલટતપાસ સામે ટકી શકે એવી અપેક્ષા કેવી રીતે રાખી શકાય. તેની ઉલટતપાસ બચાવ પક્ષના પાંચ વકીલો કરતા હતા અને તેમનામાં કોઈ સભ્યતા જેવું નહોતું અને તદ્દન અભદ્ર પ્રશ્નો પૂછતા હતા. બાળક ઉપર તેની ખૂબ ભયાનક માનસિક અસર ઊભી થતી હતી. અદાલતી કાર્યવાહીની આ પદ્ધતિ આઘાતજનક છે. બાળકનું જાતીય શોષણ થયું છે કે નહિ તે પુરવાર કરવા માટે તેના લીરેલીરા ઉડાડી મૂકવામાં આવે છે.

દોઢ વર્ષની છોકરીના યોનિ વિસ્તાર પર વીર્યના ડાઘા સાથે જ્યારે એક યુવાન માતા ધ્રૂજતી ધ્રૂજતી ડોક્ટર પાસે આવી ત્યારે ડોક્ટર પણ ચિંતામાં પડી ગયા અને તેમનાથી તે જોવાયું નહિ. જે પુરુષ ત્યાં રોજમદાર તરીકે આવતો હતો તેણે પોતાનું વીર્ય છોકરીના ગુપ્તાંગ પર ફેક્યું હતું. આ ઘટના બાળક્ના મન ઉપર કોઈ ડાઘ છોડશે કે નહિ અને તેના વિકાસ ઉપર કોઈ અસર થશે કે નહિ તે કહી શકાતું નથી. બાળકોના જાતીય શોષણના કિસ્સા ચિંતાજનક રીતે વધી રહ્યા છે પણ આપણી પાસે પૂરતા આંકડા નથી અને આ બાબતે કંઈક કરવા માટે કદી કોઈ પ્રયાસ જ થયો નથી. તેનાં પરિણામો જુદાં જુદાં આવે છે અને ભાગ્યે જ કોઈ કિસ્સો સીધેસીધો નોંધાય છે. સત્તાની રમત એવી છે કે તે બાળકોના જાતીય શોષણને સ્વીકાર્ય બાબત બનાવે છે, અને ગુનાને માફ કરવામાં આવે છે અને આરોપી છૂટી જાય છે તથા બાળક કલંક અને આઘાત સાથે જીવે છે. આ સત્તા જ તેમને સ્ત્રીઓને અને બાળકોને વસ્તુ સ્વરૂપે સમજવા અને તેમનું શોષણ કરવા અને પોતાની ઈચ્છાનુસાર નચાવવા પ્રેરે છે.

## સમસ્યાનું વિશ્લેષણ

જેમાં છોકરાઓ સામેલ હોય છે એવા જાતીય શોષણના કિસ્સામાં મા-બાપો તરત જ પોતાની સંવેદનાઓ પ્રગટ કરે છે. પણ જ્યારે છોકરીઓ ભોગ બને છે ત્યારે તે છુપાવવામાં આવે છે. એક હજામે ત્રણ વર્ષની એક છોકરી પર જાતીય હુમલો કર્યો હતો. તે કેસ પાછો ખેંચી લેવાયો કારણ કે માતાને તેની બે મોટી દીકરીઓના ભાવિ વિશે ચિંતા થતી હતી. તેને તેમના લગ્ન વિશે ચિંતા હતી. પવિત્રતા અને કૌમાર્યને જે મહત્ત્વ અપાય છે, તેને લીધે આવા હુમલા બાળક કિશોરાવસ્થા પર પહોંચે તે પહેલાં જ તેને આઘાત પમાડે છે. તે પોતે કશું સમજી શકતું હોતું નથી. જાતીય શોષણને અહીં એક ગુના તરીકે જોવામાં આવતું નથી પણ નૈતિક દૂષણ સમજવામાં આવે છે કે જ્યાં આરોપી કશું ગુમાવતો નથી પણ બાળક બધી શુદ્ધતા ગુમાવે છે એમ મનાય છે.

ભારતમાં પરિવારો જાતીયતાના મુદ્દે ગુપ્તતા જાળવતાં હોય છે. જાણવાની ઈચ્છા કે જિજ્ઞાસાને દબાવી દેવામાં આવે છે અને બાળકોને એમ મનાવવામાં આવે છે કે તે પાપ છે. નગ્ન શરીરને બાળપણથી જ ગંદી વસ્તુ તરીકે ચીતરવામાં આવે છે. આ વૈચારિક વળગણને લીધે બાળક જ્યારે જાતીય શોષણનો ભોગ બને છે ત્યારે તે ભાંગી પડે છે અને દિગ્મૂઢ થઈ જાય છે. જે કંઈ બની રહ્યું છે તેની બાળકને ખબર પડતી નથી અને તે કેવી રીતે અથવા કોની સમક્ષ જાહેર કરવું તેની પણ તેને સમજ પડતી નથી. તેઓ માને છે કે આ પાપ માટે તેઓ જવાબદાર છે, તેઓ પોતાની જાતને દોષી સમજે છે અને ભય પામે છે. આપણા શિક્ષકો અને શિક્ષણ વ્યવસ્થા પણ જાતીયતા વિશે બાળકને કશું કહેતા નથી. જાતીય શિક્ષણ અપાતું નથી અને શિક્ષકોને એમ થાય છે કે એ

બલામાંથી ટળ્યા. હાલની શિક્ષણ વ્યવસ્થા પોપટ જેવાં બાળકો ઉત્પન્ન કરે છે કે જે શાળા માટે વધારે માર્ક અને પ્રતિષ્ઠા લઈ આવે છે.

જ્યારે આ પ્રશ્ને કશુંક પૂછવામાં આવે છે ત્યારે તેઓ બાળકોને ગુનેગાર ગણે છે, તેમને દુષ્કૃત્ય કરનારાં અને શોષણને આંત્રણ આપનારાં ગણે છે. આવા બધા ખ્યાલો છતાં હકીકત એ છે કે બાળક કદી પણ પોતાના આવા શોષણની સંમતિ આપતું હોતું નથી અને તે આવા શોષણ માટે સંમતિ આપવાની ક્ષમતા પણ ધરાવતું નથી. ૧૦થી ૧૬ વર્ષની વયનાં જે બાળકોનું જાતીય શોષણ થાય છે તેવા અનેક કિસ્સામાં તેમને ધમકીઓ આપીને બળજબરીથી દૂર લઈ જવામાં આવે છે અથવા તેમને લગ્નની લાલચ આપવામાં આવે છે, અને પોલિસ તેઓ પોતે સંમતિ આપે છે એમ કહે છે. બાળકનો સામાજિક પરિવેશ તેઓ જે તૂટેલાં કુટુંબોમાંથી આવે છે તે અને તેમની સંવેદનાત્મક સ્થિતિને ભાગ્યે જ ધ્યાનમાં લેવામાં આવે છે. આ સમસ્યાને ભયાનક ગુનાની દૃષ્ટિએ જોઈએ તો, તેઓ આસાનીથી એમ સમજી લે છે કે ગુનો બાળકનો છે પરંતુ કાયદો તેની પરવાનગી આપતો નથી તેથી તેમને બળાત્કારના ગુના હેઠળ તેને નોંધવાની ફરજ પડે છે. સર્વોચ્ચ અદાલતનો એવો ચુકાદો છે કે બાળકની સંમતિ કે અસંમતિ અગત્યની છે જ નહિ.

કેટલાક પોલિસ અધિકારીઓ આ ગુનાને સુન્નતના વ્યવહાર સાથે સાંકળે છે. તેઓ માને છે કે સુન્નત કરાયેલા પુરુષો બાળકોનું જાતીય શોષણ કરે છે કારણ કે તેમને સામાન્ય વિજાતીય સંબંધોથી સંતોષ મળતો હોતો નથી. આ કદાચ સત્યને વિકૃત કરવાનો અને છુપાવવાનો કડવો અને પૂર્વગ્રહયુક્ત પ્રયાસ હોઈ શકે છે. આવા કિસ્સાઓનો ઈતિહાસ એમ જણાવે છે કે તમામ જ્ઞાતિ, વર્ગ, ધર્મ વગેરેમાંથી આવા શોષકો હોય છે. તદ્દન નજીકના સગા દ્વારા જાતીય શોષણ થતું હોય એવા કિસ્સાનું પ્રમાણ વધી રહ્યું છે પરંતુ તે ભાગ્યે જ નોંધાય છે. આવા કિસ્સાઓ શારીરિક અંગોની ખામીના સ્વરૂપે બાળકોના ડોક્ટરો પાસે પહોંચતા હોય છે. જ્યારે સત્ય બહાર આવે છે ત્યારે પરિવાર અદૃશ્ય થઈ જાય છે અને કદી પાછું ડોકટર પાસે આવતું જ નથી. જાતીય રીતે શોષણ થયા બાદ ભય, સ્વદોષ, નિરાશા, ચિંતા, અંતર્મુખીપણું, જીવનમાં શુષ્કતા વગેરેનો અનુભવ થાય છે. મૂંઝવણને લીધે તે જાહેર થવાનું મુશ્કેલ બની જાય છે, અને જે લોકોએ રક્ષક તરીકે કામ કરવું જોઈએ એ લોકો જ જ્યારે શોષક બને ત્યારે બાળકો તે આસાનીથી માની શકતાં હોતા નથી. બાળક આવા શોષણને વ્યક્ત કરવા માટે કઈ ભાષા વાપરવી તે પણ જાણતું હોતું નથી. શોષકો બાળકોને તેમના પ્રિયજનોને મારી નાખવાની ધમકીઓ પણ આપે છે અને તેથી બાળકો સાવધ થઈ જાય છે. પોલિસમાં કેસ નોંધાવવાનું અને કાનૂની વ્યવસ્થા બંને કંટાળાજનક અને થકવી નાખનારી બાબતો છે. કાર્યવાહી ખૂબ જટિલ હોય છે, તપાસની ભયંકર વિચિત્ર પદ્ધતિ હોય છે, કેસ ચાલવામાં ભારે વિલંબ થાય છે, અદાલતના ખંડથી પરિચિત ન હોય તેવાં માબાપ ડરી જાય છે. કોઈ આ ઘાતકી દંભ દ્વારા પોતાના બાળકને ફરીથી અસરગ્રસ્ત બનાવવા માંગતું નથી.

જે મોટા ભાગના કેસ નોંધાય છે તે નિમ્ન મધ્યમ વર્ગના હોય છે. જાતીય શોષણમાં બહુમતી કિસ્સામાં તે બાળકોથી ઘણી મોટી અને જાણીતી વ્યક્તિઓએ કરેલું હોય છે. કેટલાં બાળકોને લાલચ બતાવીને કે ધમકી આપીને દૂર લઈ જવાય છે અને પછી તેમના પર બળાત્કાર કરવામાં આવે છે. પરિવારોથી અને ખાસ કરીને તૂટેલાં પરિવારોથી જે બાળકો દૂર હોય છે, જેમની કોઈ સલામતી હોતી નથી અને જેઓ સંવેદનાત્મક ભૂખમરાથી પિડાય છે અને અવગણનાનો ભોગ બનેલાં છે તેમનું જાતીય શોષણ થવાની કે તેમના પર બળાત્કાર થવાની સંભવાના વધી જાય છે. છેડતીના ઘણા કિસ્સા બને છે. જાતીય શોષણમાં ચુંબન કરવાથી માંડીને યોનિ, સ્તન વગેરે જેવા ગુપ્તાંગોના સ્પર્શનો સમાવેશ થાય છે. ઉપરાંત, મુખમૈથુન, ગુદામૈથુન કે સામૂહિક બળાત્કાર વગેરેનો પણ તેમાં સમાવેશ થાય છે. બળાત્કાર કે જાતીય શોષણના કિસ્સા માધ્યમોમાં ખૂબ ઓછા દેખાય છે. જાતીય શોષણના મોટા ભાગના કિસ્સામાં જાણીતી વ્યક્તિનો વિશ્વાસ કે મોટી વ્યક્તિની તાકાતનો ઉપયોગ થયો હોય છે. થોડીક મંદ બુદ્ધિ ધરાવતાં બાળકોના જાતીય શોષણના પણ કિસ્સા બને છે. બહુ જ નજીકનાં સગાંઓ સાથેના આવા કિસ્સા પોલિસ સ્ટેશનમાં નોંધાતા નથી.

## સારાંશ

બાળકોનું જાતીય શોષણ બાળકોનાં શરીર અને દિમાગ પર કાયમી ડાઘ છોડી જાય છે. તે તેના વિકાસને અવરોધે છે અને તેના વ્યક્તિત્વને છેદી નાખે છે. સમાજમાં એ એવો સ્વીકૃત અને માફ કરવામાં આવતો ગુનો બને છે કે સમાજ ઘણી વાર દોષિતની પ્રશંસા કરે છે અને તેને સારો સામજિક મોભો આપે છે. તેનું કુટુંબ, સમાજ અને કાનૂની વ્યવસ્થા અસરગ્રસ્ત બાળકની સ્થિતિને વધારે વણસાવે છે, ખાસ કરીને ત્યારે કે જ્યારે તેનાથી તે ફરી અસરગ્રસ્ત બને છે અને આઘાત પામે છે. નૈતિકતાનાં બેવડાં ધોરણો બાળકને આમાં સંમતિ આપનારું દર્શાવે છે. કૌમાર્ય અને પવિત્રતા જેવાં મૂલ્યો એવી છાપ ઊભી કરે છે કે તેનું જીવન વ્યર્થ છે અને જીવવા જેવું નથી. ગુનાને જાહેર કરવાની પ્રક્રિયા આઘાતજનક બની જાય છે. તપાસનું તંત્ર અને આપણી હાલની કાનૂની વ્યવસ્થા એવાં છે કે તે સમયસર કામ કરતાં નથી. આવા કિસ્સાને ભાગ્યે જ તેમાં પ્રાથમિકતા અપાય છે. બાળકો પ્રત્યે આચરાતા આ ભયાનક સ્વરૂપના ગુના પ્રત્યે તમારું ધ્યાન ખેંચીને હું તમને આપણાં બાળકોને બચાવવા માટેની વ્યૂહરચના તત્કાળ ઘડવા માટે વિનંતી કરું છું. હાલમાં ટીવી ચેનલો, પોર્નોગ્રાફી અને ઈન્ટરનેટ

દ્વારા જાતીયતા વિશેની તદ્દન વિકૃત માહિતી ઠોકી બેસાડવામાં આવે છે. જાતીય શોષણ કરનારા લોકો ગરીબ દેશોમાં બાળકો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છે એમ હું કહું છું ત્યારે તેમાં કોઈ અતિશયોક્તિ નથી. તેમાં પ્રવાસન ઉદ્યોગ કેન્દ્રમાં છે અને તે અર્થતંત્રને માટે તેજીમાં લઈ આવનારો ઉદ્યોગ બની ગયો છે. આવા વિચિત્ર સંજોગોમાં શિક્ષણકારો તરીકે આપણી એ જવાબદારી છે કે બાળકોને સાચી માહિતી પૂરી પાડવી કે જેથી તેઓ ખોટ રસ્તે ચડી ના જાય અને જ્યારે તેમના પર જાતીય હુમલા થાય ત્યારે પોતાનું રક્ષણ કરતાં તેઓ શીખે. બાળકોના જાતીય શોષણના સંબંધમાં ભારતીય દંડ સંહિતા (આઈપીસી)માં બહુ ઓછી કલમો છે. સ્ત્રીઓ માટેનો કાયદો બાળકોને પણ લાગુ પાડવામાં આવ્યો છે. આ કાયદાઓની મોટી ખામી એ છે કે જ્યારે સંભોગ થયો હોય ત્યારે જ તેને ગંભીર જાતીય ગુનો ગણવામાં આવે છે. જ્યારે મુખમૈથુન, ગુદામૈથુન કે અન્ય ચીજો યોનિમાં ઘૂસાડવામાં આવે ત્યારે તેને ઓછો ગંભીર ગુનો ગણવામાં આવે છે. કલમ-૩૭૭ અકુદરતી ગુનાઓ અંગેની છે. તેમાં ૭થી ૧૦ વર્ષની કેદની સજાની જોગવાઈ છે પણ તે કેસ મેજિસ્ટ્રેટની અદાલતમાં જ ચાલી શકે છે કે જેને ત્રણ વર્ષની કેદ સુધીની જ સજા કરવાની સત્તા છે. જો વારંવાર જાતીય શોષણ કરાયાનો કિસ્સો હોય તો તે બાળકને જુદી અસર કરે છે. પણ તેને અંગે કોઈ કાયદો જ નથી.

આપણે કલમ-૩૫૪ કેવી રીતે લાગુ પાડીએ છીએ? આ કલમ સ્ત્રીના કૌમાર્ય ભંગ અંગેની છે અને તે બાળકોને કેવી રીતે લાગુ પાડવી? તેની વ્યાખ્યા શું? કલમ-૫૦૯ હેઠળ અભદ્ર ચેનચાળાનો ગંભીર ગુનો ઓછો ગંભીર ગણાય છે. આવા કિસ્સાઓમાં બાળકના માનસ ઉપર બળાત્કાર જેવી જ ગંભીર અસર થાય છે. ૧૯૮૩માં સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદામાં ન્યાયમૂર્તિઓએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે બાળકનું બયાન સૌથી મહત્વનું છે. તેને સહયોગી પુરાવા અનિવાર્ય નથી. છતાં, પોલિસ ત્રણ વર્ષ સુધી ફોરેન્સિક લેબોરેટરીના અહેવાલની રાહ જુએ છે. બીજો એક મુદ્દો એ છે કે કેસને સર્વોચ્ચ અદાલત સુધી પહોંચતાં ૧૦થી ૧૫ વર્ષ લાગે છે. એ નોંધવું પણ અગત્યનું છે કે પોલિસ જ્યારે નિવેદનો લેતી હોય ત્યારે બાળ વિશેષજ્ઞો કે સામજિક કાર્યકરોની હાજરી અનિવાર્ય છે. અભદ્ર પ્રશ્નો ટાળવા માટે વિડિયો પૂછપરછ દાખલ કરવી જોઈએ, આરોપી સાથે સીધી વાતચીત થાય અને કેસ માટે સાનૂકૂળ વાતાવરણ ઊભું થાય. બીજો એક મુદ્દો એ છે કે બિનજરૂરી વિલંબ ટાળવા માટે બાળકો માટે ખાસ સુનાવણીઓ હાથ ધરાય. સૌથી મહત્ત્વનું કામ તો એ છે કે જાતીયતા વિશે આપણે સંવાદ ઊભો કરવો જોઈએ અને આપણે શા માટે બાળકોનું જાતીય શોષણ કરીએ છીએ તેવો સવાલ આપણે આપણી જાતને પૂછવો જોઈએ. **સંપર્કઃ** સુશ્રી સીમા ભાસ્કરન, કોટ્ટમ, પો.ઓ. ચેંગાલુર, થ્રિસુર, કેરળ ૬૮૦ ૩૧૨.

## પૃષ્ઠ ૧૧નું શેષ

દરેક સમાજમાં તબીબી વ્યવસાયમાં નિયમન રાખવામાં કાયદાઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જો કે, તેમાં સામું સંતુલન ઊંભુ કરવા અસરકારક કાર્યક્રમો હાથ ધરવા પડે. આ સંદર્ભમાં સગર્ભાવસ્થાની નોંધણી અને દેખરેખ અંગેની વર્તમાન વ્યવસ્થાનો અસરકારક ઉપયોગ થાય એ જરૂરી છે. પ્રજનનલક્ષી આરોગ્ય અને બાળ આરોગ્યના કાર્યક્રમોના ભાગરૂપે જ એ કાર્યક્રમ હાથ ધરાવો જોઈએ કે જેથી અસલામત ગર્ભપાતને રોકી શકાય. આ હેતુ પાર પાડવા માટે સમુદાયમાં સહાયક દાયણોની સંખ્યા વધારવા અને તેમને યોગ્ય તાલીમ અને સંસાધનો પૂરાં પાડવા માટે સરકારે પ્રતિબદ્ધ થવું જોઈએ. ગર્ભપાત માટે ઓપરેશન સિવાયની પદ્ધતિઓનો પણ સ્ત્રીઓ ઉપયોગ કરે તેવી વ્યવસ્થા ઉભી થવી જોઈએ. તેમાં મેન્યુઅલ વેક્યુમ એસ્પિરેશન (એમવીએ) અને ઈમરજન્સી કોન્ટ્રાસેપ્શન (ઇસી)નો સમાવેશ થાય છે.

અત્યારે ગર્ભપાત માટે ઓપરેશન (સર્જરી)ની પદ્ધતિનો સૌથી વધારે ઉપયોગ થાય છે. જો કે, સરકાર ૧૨ સપ્તાહથઈ નાના તમામ ગર્ભ માટે એમવીએ પદ્ધતિની જ ભલામણ કરે છે પણ તેની ટેકનોલોજી બધે આસાનીથી પ્રાપ્ય નથી, ખાસ કરીને ગ્રામ વિસ્તારોમાં તો નહિ જ. એમવીએ પદ્ધતિ ઓછી ખર્ચાળ છે અને સલામત પણ છે ત્યારે તે માટેનાં સાધાનોની ખરીદી માટે સરકારે નાણાં ફાળવવા જોઈએ. આ પદ્ધતિનો ઉપયોગ થવાથી અંતે તો અસલામત ગર્ભપાતને પરિણામે જે નુકસાન થાય તે થતું બંધ થઈ જશે. ભારતમાં ગર્ભપાત નિષેધો, કલંક અને ગુપ્તતાનો શિકાર છે. તેથી અસલામત ગર્ભપાત અંગે સંખ્યાબંધ સંગઠનોએ વધુ જાગૃતિ ફેલાવવાનો નિર્ધાર કર્યો છે. ભૂતકાળમાં પણ આ પ્રશ્ને જાગૃતિ લાવવા માટે ઘણાં સંગઠનોએ પ્રયાસ કર્યો છે. તાજેતરમાં સેન્ટર ફોર ઇન્કવાયરી ઈનટૂ હેલ્થ એન્ડ એલાઈડ થિમ્સ તથા હેલ્થવોચ ઈન્ડિયા ટ્રસ્ટ દ્વારા નેશનલ એબોર્શન એસેસમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો છે. તેમાં ગર્ભપાત વિશેની સરકારની નીતિની સમીક્ષા, જાહેર અને ખાનગી ક્ષેત્રમાં ગર્ભપાત માટેની સેવાઓનું મૂલ્યાંકન અને ગર્ભપાત વિશેના નિર્ણયો પર અસર કરનારાં સામાજિક સાંસ્કૃતિક પરિબળો તેમ જ મહિલાઓના દૃષ્ટિકોણનો અભ્યાસ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટનાં તારણોનો પછીથી બહોળો પ્રચાર-પ્રસાર કરાશે.

એ સ્પષ્ટ છે કે સરકારે ગર્ભપાત અંગેના કાયદામાં જે સુધારો કર્યો અને ગર્ભ નીતિ પરીક્ષણ ઉપર જે પ્રતિબંધ મૂક્યો તે મહંદશે વિધાયક પગલાં છે. પણ સ્ત્રીઓના અધિકારો અને આરોગ્યની સ્થિતિ સુધારવામાં તેમની ભૂમિકા મર્યાદિત છે. સરકાર આ સમસ્યાઓનાં મૂળભૂત કારણોના ઉકેલ માટે કેટલી પ્રતિબદ્ધતા બતાવે છે તેના ઉપર જ તેમની સફળતાનો આધાર છે અને કાયદાનો અસરકાર અમલ તો જરૂરી છે જ.

# સાંપ્રત પ્રવાહ

## 'દોસ્ત, ચોક્કસ અહીં નગર વસતું હતું'

શ્રી એચ. કે. લલિત કલા મંડળ અને ફેડ ઇન થિયેટર્સ દ્વારા આ નાટક તૈયાર થયું છે. આ નાટકમાં બે પુરાતત્ત્વવિદો ૨૦૦૦ વર્ષ પછી અમદાવાદ શહેરના મોતનું કારણ શોધવા નીકળે છે. ઇ.સ. ૪૦૦૨માં દટાયેલું શહેર જોતાં તેમને લાગે છે કે એ શહેરનો નાશ કુદરતી કારણોસર થયો નથી. તેઓ આધુનિક સાધનોનો ઉપયોગ ભૂતકાળને ઉખેળવા કરે છે અને તેમને એક નોંધપાત્ર પ્રવક્તા મળે છેઃ નેહરુ બ્રિજ આ પુલ શહેરમાંની નદીના બે કાંઠાને જોડનારો છે. પરંતુ તે શહેર જે બે જુદા વિશ્વોમાં વહેંચાયેલું છે તેને જોડી શકતો નથી. એક તરફ ગરીબી, તનાવો અને આશાનું શહેર છે તો બીજી તરફ સમૃદ્ધિ, નીંભરતા અને સમાધાનોનું શહેર છે.

આ પુલ શહેરની કરુણ કહાણીમાં જાન લાવે છે. તે શહેરના ધમધમતા કાપડ ઉદ્યોગના બંધ થવા સાથે શરૂ થાય છે. મિલોની સાયરન અને સાળના ખડખડાટ તાણાવાણા સાથે હજારો લોકોનું જીવન વણાયેલું છે, તે એક એવી રમતનું ભોગ બને છે કે જેની તેમને પોતાનેય સમજણ પડતી નથી. તેઓ બચી જાય છે, પણ હવે તેમની લડત માત્ર ભૂખ-તરસ છિપાવવાની નથી અને તેમની આશાઓ નિરાશામાં પરિણમે છે. નિરાશાઓ પ્રસ્થાપિત વ્યવસ્થાને હચમચાવી દે અને ક્રાંતિ તથા પુનર્રચના તરફ દોરી જાય. પણ અહીં પ્રસ્થાપિતો એક જૂના શસ્ત્રનો ઉપયોગ કરીને ક્રાંતિના શસ્ત્રને બુઠ્ઠું કરી નાખે છે. ભૂખની આગ હવે એક નવી આગ દ્વારા ઠંડી પડે છે અને તે છે ધિક્કારની આગ. અને તે નગરના નાશમાં પરિણમે છે. અનંત અને સાંપ્રત પુલ છે, કે જે જીવંત જગતના આનંદ અને ઉત્સાહનો સાક્ષી છે, ધબકતા આમ જીવન અને બજારોના પ્રેક્ષક છે. તે કોમી હિંસાનાં દૃશ્ય પણ જુએ છે અને તેના પછી થયેલો વિનાશ પણ નિહાળે છે. બે પુરાતત્ત્વવિદો નગર દટાઈ જવાના કારણનું જ્ઞાન મેળવીને પાછા ફરે છે કે જે આપણી પોતાની સભ્યતાને બચાવવા માટેની દિશા આપે છે. લેખક અને દિગ્દર્શકઃ સૌમ્ય જોશી. સંપર્કઃ ૯૮૫૨૩-૨૭૦૭૮.

## શાંતિ મહોત્સવ–૨૦૦૨

અમદાવાદની હિંસાનો સાંસ્કૃતિક પ્રતિભાવ આપવા માટેના ઉદ્દેશ સાથે તા.૩થી ૬ ડિસેમ્બર-૨૦૦૨ દરમ્યાન આ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. તેમાં 'સૌને માટે ન્યાય અને સદા કાળ માટે શાંતિ'નો સંદેશો ફેલાવવામાં આવ્યો હતો. આપણી સંસ્કૃતિના તત્ત્વની પુનર્ખોજ કરવાનો બાહુલ્યનો ઉત્સવ મનાવવા સૌને એક કરવાનો તેમાં હેતુ હતો. અમદાવાદનાં તમામ ઘરો, હૃદયો, સમુદાયો અને વર્ગોમાં શાંતિ ઊભી થાય એ તેનું અંતિમ લક્ષ્ય હતું. આ શાંતિ ઉત્સવ દરમ્યાન નીચે મુજબના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાઃ

(૧) શુભા મુદગલ, અમરેન્દ્ર ધાનેશ્વર અને ગુંડેચા ભાઈઓનું શાસ્ત્રીય સંગીત રખાયું હતું,

(૨) દિલ્લીની નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાની સંસ્કાર રંગ ટોલી દ્વારા 'પર હમેં ખેલના હૈ' નાટક ભજવવામાં આવ્યું હતું.

(૩) શિંડલર્સ લિસ્ટ, ૧૯૪૭ અર્થ, બોમ્બે અને ફિઝા જેવી ફિલ્મો દર્શાવવામાં આવી હતી.

(૪) શહેરના વિવિધ ભાગોમાં વિવિધ જૂથો દ્વારા શેરી નાટકો કરવામાં આવ્યાં હતાં. આ જૂથોમાં અમદાવાદનાં થિયેટર મિડિયા સેન્ટર, ફેડ ઈન થિયેટર, લોકનાદ અને મેહર જૂથો, વડોદરાનાં વિકાસ જ્યોત અને પરિવર્તન જૂથો તથા કેરળના શોક ટ્રૂપ, જબલપુરના વિમર્શ રંગશાલા તથા બેંગલોરના પેડેસ્ટ્રિયન પિક્ચર્સનો સમાવેશ થતો હતો.

(૫) ફન રિપબ્લિક ખાતે પહેલી ડિસેમ્બરે બાળકોની ચિત્ર સ્પર્ધા રાખવામાં આવી હતી અને તેમાં ૩૦૦ બાળકોએ ભાગ લીધો હતો. બાળકોએ શાંતિ, મારું નગર અને મારું રાષ્ટ્ર જેવા વિષયો વિશે ચિત્રો દોર્યાં હતાં.

(૬) વૈશ્વિકીકરણ અને ફાસીવાદી ખતરા હેઠળ રાષ્ટ્ર-રાજ્યનું બદલાતું સ્વરૂપ, લોકનીતિનું ભાવિ, ઓળખનું રાજકારણ અને વૈશ્વિકીકરણ, કોમવાદી ફાસીવાદ અને વૈશ્વિકીકરણ જેવા વિષયો વિશે ચર્ચાસભાઓ યોજાઈ હતી.

આ મહોત્સવને અમદાવાદ કોમ્યુનિટી ફાઉન્ડેશન, અમન સમુદાય, બૈંગલોર ઈનિશ્યેટિવ ફેર પીસ, બિહેવિયરલ સાયન્સ સેન્ટર, સિટિઝન્સ ઈનિશ્યેટિવ, દર્શન, ઈન્સાફ, ઓક્સફામ, પ્રશાંત અને સહમત જેવી સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## છત્તીસગઢમાં બિયારણ સત્યાગ્રહ

દસમી ડિસેમ્બરે માનવ અધિકાર દિને રાયપુર ખાતે એક બિયારણ સત્યાગ્રહ યોજવામાં આવયો. તેમાં સીન્જેન્ટા નામની બહુરાષ્ટ્રીય કંપનીની ડાંગરની એક નવી જાતના ૨૨,૯૭૨ છોડવાનું જે વેચાણ

## શ્રી રતન કાત્યાયાનીને દિશાસ્નેહી પારિતોષિક અર્પણ



બેંગલોરની સંસ્થા ઈન્ડિયા ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય સ્તરે સામાજિક ક્ષેત્રે નોંધનીય કાર્ય કરનારી વ્યક્તિઓને દિશાસ્નેહી પારિતોષિકથી સમ્માનિત કરવામાં આવે છે. આ પારિતોષિકમાં એક પ્રશસ્તિપત્ર અને રૂ.૧૦,૦૦૦ રોકડ રકમનો સમાવેશ થાય છે. ૨૦૦૧નું છઠ્ઠું દિશાસ્નેહી પારિતોષિક મુક્તિધારા સંસ્થાનના પ્રણેતા શ્રી રતન કાત્યાયાનીને આપવામાં આવ્યું છે. મુક્તિધારા સંસ્થાન એ અરવલ્લીના ઈશાન વિસ્તારોમાં એટલે કે રાજસ્થાનના જયપુર, અલવર, દૌસા, ભરતપુર, ધોલપુર જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારોમાં વિચરતી અને વિમુક્ત જાતિઓના માનવ અધિકારો અને બંધારણીય અધિકારો વિશે તંત્ર, સમાજ અને વંચિત સમુદાયમાં લોક જાગૃતિ ઊભી કરવા માટે છેલ્લાં ૧૦ વર્ષ દરમ્યાન નોંધપાત્ર કામ કર્યું છે. અરવલ્લીના આ વિસ્તારોમાં ૬ વિચરતી જાતિઓના આશરે ૪૨,૦૦૦ લોકો પોતાના કબીલાઓમાં લગભગ રખડુ અને રઝળપાટનું જીવન વિતાવે છે, ત્યાં તેમનું ૬૫ સ્થળોએ સામૂહિક પુનર્વસન કરાયું છે. આ છ જાતિઓના કબીલાઓને રાષ્ટ્રના વિકાસના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાનો પ્રયાસ સામુદાયિક સંગઠનો બનાવીને કરવામાં આવે છે.

આજે લગભગ ૪૪૭ વિચરતી જાતિઓ રખડુ જીવન જીવે છે કે જેમની પાસે નાગરિકતા નથી. સુસંસ્કૃત સમાજ સાથે તેમનો કોઈ સંબંધ નથી, અને સરકારની વિકાસ માટેની કાર્યસૂચિમાં પણ તેમનો સમાવેશ થયો નથી. દેશમાં તેમની કુલ વસ્તી સાડાચાર કરોડ છે. મુક્તિધારા સંસ્થાન આ વિચરતી વિમુક્ત જાતિઓને તેમના અધિકારો આપાવવાનું કામ કરે છે.

કર્યું હતું તેનો વિરોધ કરવામાં આવ્યો. આ અંગેનો નિર્ણય તો રાયપુરની ઈન્દિરા ગાંધી કૃષિ યુનિવર્સિટીએ લીધો હતો. સમગ્ર છતીસગઢ રાજ્યમાં એ દિવસે આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું. મહાસમંદ, પિથોરા, બાસના, સરાઈપલ્લી, કાસદોલ અને રાયપુર ખાતે આ સત્યાગ્રહ થયો અને તેમાં લગભગ ૪,૦૦૦ ખેડૂતો અને અગ્રણીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં છત્તીસગઢ મુક્તિ મોરચા, છત્તીસગઢ કિસાન પંચાયત, છત્તીસગઢ મહિલા જાગૃતિ સંગઠન, છત્તીસગઢ લેબર ઈન્સ્ટિટ્યુટ, સબલા દલ, એકતા પરિષદ અને ઇન્સાફ સંસ્થાઓએ સક્રિય રસ લીધો હતો. છત્તીસગઢ રાજ્યના રાજ્યપાલ, છત્તીસગઢના મુખ્યપ્રધાન અને છત્તીસગઢ વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિને આંદોલન દ્વારા વિનંતીઓ કરાઈ છે.

બીજે દિવસે એટલે કે ૧૧મી ડિસેમ્બરે જેલ ભરો આંદોલન કરાયું. વિવિધ ગામોમાં આ આંદોલન થયું. આંદોલન શાંતિપૂર્ણ હતું તેથી તેમાં કોઈ ધરપકડ કરાઈ નહિ. તેમાં ૧,૨૬૧ જણાએ ભાગ લીધો હતો. ૧૨મી ડિસેમ્બરે પણ એ જ રીતે આંદોલન થયું અને તેમાં ૯૯૪ જણાએ ભાગ લીધો. શિવનાથ નદી રેડિયસ વોટર લિમિટેડ નામની કંપનીને વેચી મારવામાં આવી તેની સામે પણ વિરોધ થયો. સંપર્કઃ રાજેન્દ્રકુમાર સાઈલ, એચ-૧૨, અનુપમ નગર, રાયપુર - ૪૯૨ ૦૦૭, છતીસગઢ. ઈ-મેલઃ chh_seedsatyagrah@ redffmail.com

# આગામી કાર્યક્રમ

### નાગરિકત્વ અને શાસન વિશે પરિષદ

દિલ્લીની સોસાયટી ફેર પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા (પ્રિયા) દ્વારા તા.૧૨થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૩ દરમ્યાન દિલ્લી ખાતે ઇન્ડિયન સોશ્યલ ઈન્સ્ટિટ્યુટ ખાતે નાગરિકત્વ અને શાસનઃ ઓળખ, સમાવેશ અને અવાજના પ્રશ્નો વિશે એક પરિષદનું આયોજન કરાયું છે. આ પરિષદમાં નીચેના વિષયોની ચર્ચા થશેઃ (૧) સંસ્થાગત સંબંધો અને છેવાડાના લોકોની સહભાગિતા (૨) સ્થાનિક શાસનની સંસ્થાઓમાં સ્ત્રીઓ અને તેમનું નેતૃત્વ (૩) ઉદ્યોગ ક્ષેત્રનું ઉત્તરદાયિત્વઃ ઔદ્યોગિક વિકાસમાં નાગરિકોની ભાગીદારી (૪) શાસનની સંસ્થઆઓમાં સુધારો. (૫) જાહેર નીતિ પર પ્રભાવ પાડવા નાગરિકોનું કાર્ય. (૬) સ્થાનિક શાસનની સંસ્થાઓમાં દલિતોનું નેતૃત્વ. આ પરિષદમાં પ્રિયા પોતાનાં સંશોધનોનાં તારણો રજૂ કરશે અને સહભાગીઓ પણ પોતાનાં સંશોધનો રજૂ કરશે. નોંધણી ફીઃ વિદ્યાર્થીઓ માટે રૂ.૫૦૦ અને અન્યો માટે રૂ.૧૦૦૦. સંપર્ક સાધો. ડૉ.રંજિતા મોહન્તી, પ્રિયા, ૪૨, તુઘલકાબાદ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, નવી દિલ્લી ૧૧૦ ૦૬૨. ફોનઃ ૦૧૧-૬૦૬૦૯૩૧-૩૨-૩૩, ૬૦૮૧૯૦૮, ઇ-મેલઃ csd@pria.org

# સંદર્ભ સાહિત્ય

**રમખાણોઃ અસરગ્રસ્તો માટે સામુદાયિક સ્તરના સહાયકો દ્વારા મનોસામાજિક સંભાળ**

હોનારતો સમગ્ર સમુદાય માટે એક મોટો પડકાર બની ગઈ છે. ધીમે ધીમે મનોસામાજિક સંભાળની જરૂરિયાતનો સ્વીકાર કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં ગુજરાતનાં રમખાણોને પગલે પગલે ગુસ્સો, પીડા, દગો, માનસિક ઘા પડકારરૂપ બન્યાં છે. તેથી હવે લોકોની લાગણીઓને કેવી રીતે સામાન્ય બનાવવી તે વિચારવું પડશે. માત્ર રહેઠાણો અને રોજીરોટીનાં સાધનોનું જ પુનર્નિર્માણ નહીં, પરંતુ માનવ મૂલ્યો અને કોમી સંવાદિતાની પુનર્રચના કેવી રીતે કરવી તે પડકાર છે. આ માહિતી પુસ્તિકામાં લાગણીની પ્રતિક્રિયાઓના સામાન્યીકરણનો મુદ્દો આવરી લેવામાં આવ્યો છે. તેમાં બહુ મોટા પ્રમાણમાં સંબંધિત ક્ષેત્રનો અનુભવ વિગતવાર ચિત્રો સાથે સામેલ કરવામાં આવ્યો છે. તે ૩૦૦ અમન પથિકોના તાલીમ કાર્યક્રમ પર આધારિત છે. તે વ્યવસાયીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને અસરગ્રસ્તોનો સહિયારો પુરુષાર્થ છે.

આ પુસ્તિકામાં ગુજરાતના બનાવો, લોકો પર અસર, મનોસામાજિક ટેકો, મનોસામાજિક જરૂરિયાતોની સમજ, સામુદાયિક સ્તરની સહાયની ભૂમિકા, મનોસામાજિક કામગીરી, વિશિષ્ટ સમૂહો, રેફરલ સેવાઓ, સ્વસંભાળ અને રમખાણો અને સમાજ જેવાં પ્રકરણોનો સમાવેશ કરાયો છે. ચિત્રો દ્વારા એ સમજાવાયું છે કે રમખાણગ્રસ્ત લોકોનું માનસિક અને સામાજિક પુનર્વસન કેવી રીતે કરવું. સામુદાયિક સ્તરના સહાયકે કેવી ભૂમિકા ભજવવી તે પણ આ પુસ્તિકામાં દર્શાવાયું છે. બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓ, હિંસાનો ભોગ બનેલા લોકો, વૃદ્ધો, વિકલાંગો, મહિલાઓ, બાળકો વગેરે ફરીથી માનસિક રીતે અને શારીરિક રીતે પણ સ્વસ્થ બને અને માનસિક સંતુલન ઊભું કરે તે જરૂરી છે અને આ પુસ્તિકામાં તેને માટે કરવાની કામગીરીની વિગતો દર્શાવવામાં આવી છે.

મનોચિકિત્સકો, સામાજિક કાર્યકરો, કન્સલ્ટન્ટ્સ દ્વારા આ પુસ્તિકા લખાઈ છે અને તેનો અનુવાદ કરાયો છે. નિમહાન્સ, એક્શન એઈડ ઈન્ડિયા અને ઓક્સફામ ઈન્ડિયા દ્વારા તેનું પ્રકાશન થયું છે. પ્રથમ આવૃત્તિઃ જુલાઈ-૨૦૦૨.

નકલ મેળવવા માટે સંપર્ક સાધોઃ www.actionindia.org, www.oxfamindia.org, www. indiadisaster.org, www.careindia.org

**બાંધીએ ઘર મંજૂરી લઈને**

ભૂકંપ બાદ ઊભી થયેલી મકાન બાંધકામની મંજૂરીને લગતી લોકોની મૂંઝવણો દૂર કરવા માટેનો પ્રયાસ આ પુસ્તિકામાં કરવામાં આવ્યો છે. લોકોને મૂંઝવતા પ્રશ્નોના કાયદેસર યોગ્ય અને સાચા ઉત્તરો શોધવામાં આવ્યા છે. તે એક વાર્તાના રૂપમાં છે. આદમભાઈ, વાલાભાઈ, અશોકભાઈ, પ્રેમજીભાઈ, જીવાભાઈ, જેતુબહેન વગેરે આ વાર્તાનાં પાત્રો છે. ભચાઉ નગરના બસ સ્ટેશન પરનું આદમભાઈનું બ્લોકનું કારખાનું આ વાર્તાનું સ્થાનક છે. ત્યાં બધાં પાત્રો વચ્ચે વાતચીત થાય છે. વાર્તાને અંતે વાલાભાઈ, આદમભાઈ, પ્રેમજીભાઈ, જીવાભાઈ અને જેતુબહેન પોતાનું ઘર બાંધવા માટે કેવી રીતે મંજૂરી મેળવે છે તે સ્પષ્ટ થઈ જાય છે.

ભૂકંપ બાદ ગ્રામ વિસ્તારોમાં અને નગરોમાં બાંધકામ માટેની મંજૂરી સરકાર પાસેથી કેવી રીતે મેળવવી તેનું માર્ગદર્શન અત્યંત સરળ ગુજરાતી ભાષામાં આ પુસ્તિકામાં વાર્તાસ્વરૂપે અપાયું છે તેથી તે લોકભોગ્ય બન્યું છે.

માત્ર બાંધકામ માટેની મંજૂરી મેળવવાની બાબત જ નહિ, પણ ઘરના બાંધકામનું આયોજન કેવી રીતે કરવું અને ઘરની ડિઝાઈન કેવી રીતે બનાવવી તેની વિગતો પણ આ વાર્તામાંથી સહજ રીતે મળે છે. લેખકોઃ દિનેશ પ્રજાપતિ, શૈલેષ રાઠોડ, વિવેક રાવલ અને ભાનુપ્રસાદ મિસ્ત્રી. પૃષ્ઠ:૧૬.

પ્રાપ્તિસ્થાનઃ ઉન્નતિ, પુનર્નિર્માણ સહયોગ કેન્દ્ર, હેલિપેડ પાસે, ભચાઉ-કંડલા હાઈ-વે, ભચાઉ, કચ્છ-૩૭૦૧૪૦.

**કવરેજ ઓફ ગુજરાત રાયટ્સઃ મિડિયા ડિબેટ્સ ઈટ્સ રોલ**

પ્રેસ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા હરિયાણામાં માનેસર ખાસે ૧૩-૧૪ એપ્રિલ, ૨૦૦૨ દરમ્યાન ગુજરાતનાં કોમી રમખાણો દરમ્યાન માધ્યમોએ ભજવેલી ભૂમિકા વિશે પત્રકારો વચ્ચે વિચારોના આદાનપ્રદાન માટે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પુસ્તિકા

તેનો અહેવાલ છે. આ કાર્યશાળામાં બી. જી. વર્ગિઝ, સેવંતી નિનાન, કૂમી કપૂર, ઉપેન્દ્ર વાજપેયી, અશોક ચેટરજી, ભાસ્કર રાવ, સીમા મુસ્તફા વગેરે જેવા પત્રકારોનાં મંતવ્યો છે. એ ઉપરાંત સ્વપન દાસગુપ્તા, એ.જી. નૂરાની, માર્ક તુલી, સઈદ નકવી જેવા પત્રકારોએ ચર્ચા દરમ્યાન ઉઠાવેલા મુદ્દાઓની નોંધોની પણ તેમાં સમાવેશ થાય છે.

સમુદાયોનું નામ લેવું કે ના લેવું - માધ્યમોની સમસ્યા, ટીવી ચેનલો: કેટલું દર્શાવવું જોઈએ અને કેટલું કહેવાવું જોઈએ?, ઝડપથી બદલાતી ટેક્નોલોજીની વીજાણુ માધ્યમો પર અસર, નવી પરિસ્થિતિમાં આચારસંહિતા બદલાવી જોઈએ?, ગુજરાતી અખબારો કવરેજની બાબતમાં કેટલાં ઉશ્કેરણીજનક હતાં?, લોકો ઉપર કવરેજની અસર - ટીવી માધ્યમની સમીક્ષાની જરૂર છે?, સામાજિક સંદર્ભમાં ગુજરાતનાં રમખાણો, અહેવાલ અને ઉશ્કેરણી વચ્ચેની પાતળી ભેદરેખા, બદલાયેલી પરિસ્થિતિમાં શિક્ષણ કે માર્ગરેખાઓ? વગેરે જેવા વિષયો પર આ કાર્યશાળામાં જે ચર્ચા થઈ તેની વિગતો આ અહેવાલમાંથી પ્રાપ્ત થાય છે. પૃષ્ઠ: ૫૪. કિંમત: રૂ. ૭૦.

પ્રાપ્તિસ્થાન: પ્રેસ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, સપ્રુ હાઉસ એનેક્સી, બારાખંભા રોજ, નવી દિલ્લી-૧૧૦૦૦૧.

## શોષણ અને આંતકની આગમાં આદિવાસીઓ

આદિવાસીઓના સાચા પ્રશ્નો કયા છે તેની ઊંડી સમજ આપવાનો પ્રયાસ આ પુસ્તક કરે છે. જે ટેકો આદિવાસીઓએ પાછા હાંસલ કરવાનો છે તેમાં જમીનનો માલિકીનો હક, પાણીનો હક, જંગલ પરનો હક, કામ મેળવવાનો હક, સંસ્કૃતિ અને અસ્તિત્વ ટકાવવાનો હક, પ્રગતિ કરવાનો હક વગેરેનો સમાવેશ થાય છે. આ હકોના સંદર્ભમાં આજે ગુજરાતમાં આદિવાસીઓની શું પરિસ્થિતિ છે તેને અંગેની વાત આ પુસ્તકમાં કરવામાં આવી છે. આ પુસ્તિકામાં સાત પ્રકરણો છે અને તેનાં શીર્ષકો આ મુજબ છે: શાંતિપ્રિય આદિવાસીઓમાં કોમી રમખાણો કેમ થયાં?, આદિવાસીઓ અબુધ નથી: આદિવાસી ચળવળો, આદિવાસીઓની અસલ ઓળખ, અસલ આદિવાસી ઓળખને ભૂંસી નાખવાનું કાવતરું, આદિવાસી અસ્મિતા અને અસ્તિત્વ, હવે પછી શું?

આ પ્રકરણોમાં આદિવાસીઓનાં સામાજિક આંદોલનો, ગુજરાતના નરસંહારમાં આદિવાસીઓનો ઉપયોગ, ખ્રિસ્તી અને બિનખ્રિસ્તી આદિવાસીઓમાં કોમવાદ ઊભો કરવા માટે સંઘ પરિવારની વ્યૂહરચના, ડાંગ દરબારનું નાટક, આદિવાસીઓનું હિન્દુકરણ અને હિન્દુત્વકરણ વગેરે જેવા સવાલોની ચર્ચા કરવામાં આવી છે. પૃષ્ઠ: ૧૭૦. કિંમત: રૂ. ૨૫. લેખકો: લેન્સી લોબો અને જ્યંતી મેકવાન.

પ્રકાશક: સેન્ટર ફોર કલ્ચર એન્ડ ડેવલપમેન્ટ, એક્સ. ટી. કેમ્પસ, વડોદરા-૩૯૧૦૦૧.

## એબીસી ઓફ ધ ડબ્લ્યુટીઓ

'ગ્લોબલાઈઝેશન એન્ડ ઈન્ડિયા: મીથ્સ એન્ડ રીઆલિટીઝ' શીર્ષક હેઠળ સપ્ટેમ્બર-૨૦૦૧માં જે મોનોગ્રાફની શ્રેણી શરૂ કરવામાં આવી તે હેઠળ તૈયાર કરવામાં આવેલું આ નાનું પુસ્તક છે. આ પુસ્તકમાં ૧૦ પ્રકરણો છે અને તે આ મુજબ છે: સામાન્ય જકાત અને વ્યાપાર સમજૂતી (ગેટ) શું છે?, ઉરુગ્વે રાઉન્ડ શું છે અને તે 'ગેટ'ના અગાઉના રાઉન્ડથી કેવી રીતે અલગ છે?, 'વિશ્વ વ્યાપાર સંગઠન' શું છે?, 'ગેટ' અને 'વિશ્વ વ્યાપાર સંગઠન' વચ્ચે શું તફાવત છે?, 'વિશ્વ વ્યાપાર સંગઠન' કેવી રીતે કામ કરે છે?, 'વિશ્વ વ્યાપાર સંગઠન' કોઈક ક્ષેત્ર કે પ્રશ્ન કેવી રીતે પસંદ કરે છે? 'વિશ્વ વ્યાપાર સંગઠન'ની સમજૂતીઓ અન્વયે ગરીબ દેશોને કઈ વિશેષ રાહતો મળી છે?, 'વિશ્વ વ્યાપાર સંગઠન'માં ભારત સભ્ય શા માટે હોવું જોઈએ? ભારત માટે 'વિશ્વ વ્યાપાર સંગઠન' ખતરો છે કે તક? 'વિશ્વ વ્યાપાર સંગઠન' વિશે વ્યક્તિએ શા માટે જાણકાર બનવું જોઈએ?

ઉપરોક્ત તમામ મુદ્દાઓ વિશે આ નાના પુસ્તકમાં સરળ અંગ્રેજી ભાષામાં સમજૂતી આપવામાં આવી છે. વિશ્વ વ્યાપાર સંગઠન (ડબ્લ્યુટીઓ) ૧૯૯૫થી અસ્તિત્વમાં આવેલી સંસ્થા છે અને તે વ્યાપાર માટેની સમજૂતીઓનું સંચાલન કરે છે. જગતના ગરીબ દેશોના ગરીબો પર અને તેમનાં અર્થતંત્રો પર તેની અસરો વિશે ભારે વિવાદ પ્રવર્તે છે ત્યારે આ પુસ્તિકા કોઈ પણ વિકાસલક્ષી કાર્યકરે વાંચવી જરૂરી છે. ગરીબોની સ્થિતિને આંતરરાષ્ટ્રીય પરિબળોના સંદર્ભમાં સમજવાનું તેથી ઉપયોગી થઈ પડે તેમ છે. આ જ પ્રકારના બીજા આઠ મોનોગ્રાફ જુદા જુદા વિષયો પર તૈયાર કરવામાં આવી રહ્યા છે. પાનાં: ૨૫. સ્વૈચ્છિક યોગદાન રૂ. ૩૦.

પ્રકાશક: કટ્સ સેન્ટર ફોર ઈન્ટરનેશનલ ટ્રેડ, ઈકોનોમિક્સ એન્ડ એન્વાયર્મેન્ટ, ડી-૨૧૭, ભાસ્કર માર્ગ, બની પાર્ક, જયપુર-૩૦૨૦૧૬. ઈમેઈલ: cuts@cuts.org.

## હાશિયેકે હાથ

તૈયાર વસ્ત્રો, અગરબત્તી અને પાપડ ઉદ્યોગના ઘરેલૂ કામદારોની સામાજિક સુરક્ષા વિશે વાત કરતું આ હિંદી પુસ્તક સામાજિક સુરક્ષાની સ્થિતિ અને વિવિધ કાનૂની જોગવાઈઓની માહિતી આપે છે. તેમાં ૬ પ્રકરણો છે: પદ્ધતિ અને પ્રક્રિયા, ઘરેલૂ ઉદ્યોગોનું રાષ્ટ્રીય મહત્ત્વ, કામદારોની સામાજિક-આર્થિક પરિસ્થિતિ, ઉત્પાદનની પ્રક્રિયા, ઉત્પાદક અને કામદારો વચ્ચેના સંબંધો, સામાજિક સુરક્ષાના પ્રશ્નો, સંરક્ષણ

અને સામાજિક સુરક્ષા કોષ. આ પુસ્તકની ભૂમિકા સુશ્રી ઈલા ૨. ભટ્ટે લખી છે અને પ્રસ્તાવના 'સેવા ભારત'નાં અધ્યક્ષ સુશ્રી રેનાના ઝાબવાલાએ લખી છે. પુસ્તકના અંત ભાગમાં ચિકન અને જરી ઉદ્યોગ, અગરબત્તી ઉદ્યોગ અને પાપડ ઉદ્યોગ વિશેની આંકડાકીય માહિતી આપવામાં આવી છે. ઉપરાંત, છેલ્લે સંદર્ભ ગ્રંથોની સૂચિ પણ આપવામાં આવી છે. આ પુસ્તક એક સંશોધન છે. તેના ઉદ્દેશો આ મુજબ છે:

(૧) તૈયાર વસ્ત્રો, અગરબત્તી અને પાપડ ઉદ્યોગોના ઘરેલૂ કામદારોની સાચી સંખ્યા શોધવી.
(૨) આ કામદારોની કામની સ્થિતિ જાણવી.
(૩) તેમની સામાજિક સુરક્ષાની જરૂરિયાતો સમજવી.
(૪) સામાજિક સુરક્ષા સંબંધી જરૂરિયાતો તથા કલ્યાણ કોષની તરત સ્થાપના થાય તે માટે જરૂરી કરવાં.

ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક અને મધ્ય પ્રદેશમાં આ અભ્યાસ કરવામાં આવ્યો છે. ઘરેલૂ કામદારોનું ક્ષેત્ર વિસ્તરી રહ્યું છે પણ સરકારની નજર તેના પર પડતી જ નથી. એટલું જ નહિ, સરકાર તેમને કામદાર માનતી જ નથી. તેથી જ તેઓ વસ્તી ગણતરીમાં દેખાતા નથી કે સરકારી નીતિઓ અને કાર્યક્રમોમાં પણ તેઓ દેખાતા નથી. ઘરેલૂ ઉદ્યોગના કામદારોની સ્થિતિને સમજવા આ પુસ્તક ઘણું જ ઉપયોગી થઈ પડે તેમ છે. લેખક: નીલમ ગુપ્તા. પ્રથમ આવૃત્તિ: ૨૦૦૧. કિંમત: રૂ. ૫૦.

પ્રકાશક: સેવા ભારત, સેવા રિસેપ્શન સેન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧.

### નોખા ચીલે નવસર્જન

ગુજરાતના દલિતોની અવદશા સામે ગુજરાતમાં કાર્યરત 'નવસર્જન'ના સંઘર્ષની આ કથા છે. ડિસેમ્બર-૨૦૦૧માં 'નવસર્જન'ને ૧૨ વર્ષ પૂરાં થયાં. સંસ્થાના ઉદ્ભવ, વિકાસ, કામગીરી અને મર્યાદાઓને સંસ્થાકીય અને સામાજિક દૃષ્ટિએ તટસ્થ એવો આ દસ્તાવેજ છે. એકાદ દાયકા પહેલાં સંસ્થા તેના મુઠ્ઠીભર કાર્યકરોને મહિને ૫૦ રૂપિયાનો પગાર નિયમિત ચૂકવી શકતી નહોતી. એ જ સંસ્થા અત્યારે પોતાની પ્રતિબદ્ધતા છોડ્યા વિના કે ગામડાં સાથે નાતો તોડ્યા વિના વર્ષેદહાડે લાખો રૂપિયા દલિતો ગરીબોના કામ માટે વાપરે છે. આવું શી રીતે બન્યું તેનું રહસ્ય સંચાલક અને કાર્યકર્તાઓનો અભિગમ દર્શાવતા જુદા જુદા પ્રસંગોમાંથી પામી શકાય છે. આ પ્રસંગોનું આલેખન આ પુસ્તકમાં થયું છે. દલિતોની અવદશાને ૧૦૦-૨૦૦ વર્ષ પહેલાંની વાત માની બેઠેલા સંવેદનશીલ વાચકો માટે આ પુસ્તક આંખ ઉઘાડનારું અને અસલિયતની પહેચાન કરાવનારું બની રહે તેમ છે. આ પુસ્તકમાં સાત પ્રકરણો છે: પ્રસ્તાવના, સંઘર્ષની કેડી પર અવિરત આગેકૂચ, દલિતોની દાસ્તાન: પૂર્ણ ભૂતકાળ નહીં-પણ ચાલુ વર્તમાનકાળ, પગભર કરવાના પ્રયત્નો, સંબંધ સંઘર્ષનો, આર્થિક અહેવાલ, લિગલ સેવાની કામગીરીની આંકડાકીય વિગતો. દલિતોની દાસ્તાન પ્રકરણમાં અસ્પૃશ્યતા અને આભડછેટ, હકની જમીન માટે હડિયાપાટી, સફાઈ કામદારોની સૈકા જૂની કઠણાઈ, રાજકીય હકોની રામાયણ, હિંસક અત્યાચાર, હિજરત અને બહિષ્કાર, પાણી: હકને ડૂબાડવાનું હાથવગું હથિયાર અને ખેતમજૂરી વગેરે શીર્ષકો હેઠળ 'નવસર્જન' દ્વારા થયેલાં કામોની વિગતો વિવિધ કિસ્સાઓ રજૂ કરીને આપવામાં આવી છે. તે પછી બચત બેંક અને તાલીમ કેન્દ્ર દ્વારા દલિતોને પગભર કરવાના પ્રયત્નોનું વિગતે વર્ણન કરાયું છે. શ્રી માર્ટિન મેકવાને કેવી રીતે 'નવસર્જન'ની શરૂઆત કરી અને તેમાં કયાં કયાં કામો કેવી રીતે કર્યાં. તેની ગાથા અને કથા આ પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે. દલિતોની ક્રાંતિના સંદર્ભમાં ત્રણ સત્યો શ્રી માર્ટિન મેકવાને તારવ્યાં છે:

(૧) નેતાગીરી સ્થાનિક હોય તો જ અસરકારક નીવડે. બહારના નેતાઓ અણીના સમયે ગેરહાજર હોવાથી અર્થ સરતો નથી.
(૨) દલિતોની સમસ્યા વ્યક્તિગત નહીં, પણ વ્યવસ્થાને લગતી છે. એની સામે લડવા ગુજરાત વ્યાપી સંગઠન ઊભું કરવું પડે.
(૩) લડતમાં બંધારણીય અભિગમ અપનાવીને કાયદાને વ્યૂહાત્મક ઉપયોગ કરવો પડે.

આ ત્રણેય મુદ્દાસર કેવી રીતે 'નવસર્જન' દ્વારા કામ થયું છે તેનો ચિતાર આ પુસ્તકમાં અપાયો છે. તેમાં અંતે 'નવસર્જન'ના કાર્ય વિશે અનુસૂચિત જાતિના ગ્રામજનોના અનુભવો અને સાથે સાથે વિદ્વાનો, સામાજિક કર્મશીલો અને નિષ્ણાતોના અભિપ્રાયો પણ આપવામાં આવ્યા છે. પુસ્તકના અંત ભાગમાં સંસ્થાનો વાર્ષિક અહેવાલ જુદા જુદા પ્રોજેક્ટ્સની યાદી સાથે આપવામાં આવ્યો છે. ૧૯૮૮થી ૨૦૦૧ સુધીની કામગીરીનાં ભંડોળ, મિલકતો, ભારતીય અને વિદેશી દાન, અન્ય આવકો, ખર્ચ વગેરેની વિગતો તેમાં આપવામાં આવી છે. આ ઉપરાંત સંસ્થાના કાનૂન વિભાગની કામગીરી વિવિધ વિસ્તારોમાં કેવી રહી છે તેની આંકડાકીય વિગતો જિલ્લા અને તાલુકા વાર આપવામાં આવી છે. તેના પરથી ખ્યાલ આવે છે કે સંસ્થાએ અસ્પૃશ્યતા, જમીન, પાણી, મજૂરી, રાજકીય બાબતો, મિલકત, જાહેર સેવાઓ, કૌટુંબિક પ્રશ્નો અને અન્ય બાબતોમાં કેટલી કામગીરી કરી છે. પૃ: ૨૩૯. લેખકો: ઉર્વીશ કોઠારી, પૂર્વી ગજ્જર. પ્રથમ આવૃત્તિ-જુન, ૨૦૦૨.

પ્રકાશક: નવસર્જન ટ્રસ્ટ, ૨, રુચિત એપાર્ટમેન્ટ, સૂરજ પાર્ટી પ્લોટ સામે, ધરણીધર દેરાસર પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન: ૬૬૧૭૪૧૨, ૬૬૦૭૩૫૨. ઈમેઈલ: navsarjan@icenet.net.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન અમે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી હતીઃ

### કચ્છમાં પુનર્વસનની પ્રક્રિયા

ભચાઉમાં તા.૪-૧૦-૨૦૦૨ના રોજ મકાન બાંધકામની પરવાનગી સંબંધી પ્રશ્નો વિશે એક જાહેર ચર્ચા ગોઠવવામાં આવી. ભૂકંપ બાદ નવા પેટા કાયદા અને બાંધકામના નિયંત્રણ માટેનાં નિયમનો સરકાર દ્વારા બનાવાયાં છે. પરંતુ નવા કાયદાના પાલનના સંદર્ભમાં લોકોને ભારે મુસીબતો નડે છે. માલિકીના હકનો અભાવ, ગેરકાનૂની અથવા દબાણની જમીન ઉપર બાંધકામ, ભાડુઆતને ઘર ભાડે અપાયું હોય અથવા જમીન ભાડાપટે અપાઈ હોય વગેરે કિસ્સામાં તેમને આ સમસ્યાઓ નડે છે. આ બેઠકનો હેતુ ભચાઉ વિસ્તાર વિકાસ મંડળ, ગુજરાત રાજ્ય આપત્તિ સંચાલન સત્તામંડળ અને નગરના લોકોને તેમની સમસ્યાઓ સ્પષ્ટ કરવા માટે એક મંચ પર લાવવાનો હતો. આ બેઠકમાં ૪૦૦ જણા હાજર રહ્યા હતા. મકાન બાંધકામ અંગેના નવા નિયમો સમજાવતી એક પુસ્તિકા તૈયાર કરવામાં આવી અને બેઠકમાં તે વહેંચવામાં આવી. બેઠકના અંત ભાગમાં જો લાભાર્થી વતી 'ઉન્નતિ' કેસ નોંધાવે તો ઘર દીઠ લેવાતી રૂ. ૬૦૦ની જામીન ફી માફ કરવા વિચારવા માટે સત્તાવાળાઓ સંમત થયા હતા. જો સ્ટાન્ડર્ડ પ્લાન કે ઘરની ડિઝાઈન નોંધાયેલા ઈજનેર દ્વારા મંજૂર થાય તો તે પણ મંજૂર કરવા તેઓ સંમત થયા હતા. ભચાઉ વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં ફરિયાદ નિવારણ વિભાગ સ્થપાય અને તેને માટે જગ્યા ફાળવાય તે બાબતે પણ સંમતિ સધાઈ હતી. તેમાં લોકો પોતાની ફરિયાદ નોંધાવી શકશે અને સત્તામંડળ તેનું નિવારણ કરશે.

સામાજિક દેખરેખના ભાગરૂપે આ ત્રણ માસ દરમ્યાન અપંગ લોકો માટે યોગ્ય જાજરૂ બાંધવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું. સમુદાયે દરેક જાજરૂ દીઠ રૂ. ૨૦૦૦નું આંશિક યોગદાન આપ્યું અને સંસ્થાએ રૂ. ૪૫૦૦નું યોગદાન આપ્યું. ૨૦ સ્ત્રીઓ અને ૩૦ પુરુષો માટે કુલ ૫૦ જાજરૂ એ રીતે પાણીની ટાંકી સાથે બાંધવામાં આવ્યાં.

ભચાઉ તાલુકામાં જે ગ્રામીણ કારીગરોને ટેકો અપાઈ રહ્યો છે તેમને ૨૬થી ૩૦ ઓક્ટોબર, ૨૦૦૨ દરમ્યાન ચંડીગઢ ખાતે કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆઈ) દ્વારા યોજાયેલા પ્રદર્શનમાં લઈ જવાયા. મહિલા ભરતગૂંથણ કામદારો, વણકરો અને બ્લોક પ્રિન્ટિંગ કરનારા દ્વારા જે વસ્તુઓ બનાવાઈ હતી તે 'દોરી' બ્રાન્ડ હેઠળ સીધી જ વેચવામાં આવી. વેચાણની વ્યૂહરચનાના ભાગરૂપે કારીગરોની વસ્તુઓની સૂચિ તૈયાર કરવામાં આવી અને ભાવની યાદી સાથે તે વસ્તુઓ મૂકવામાં પણ આવી. આ સૂચિમાં વસ્તુ શું છે તેની વિગતો અપાઈ છે, તેની ગુણવત્તાની માહિતી અપાઈ છે અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખરીદારો સાથે તેમના સીધા સંબંધો ઊભા થાય તે ધ્યાનમાં રખાયું છે.

### આપત્તિના સામનાની તૈયારી માટે સામુદાયિક આકસ્મિકતા યોજના ઘડવા પંચાયતોને ટેકો

કચ્છ ભૂકંપ અને વાવાઝોડા સંભવ વિસ્તાર છે તેથી ભચાઉ તાલકાનાં બે ગામો લુણવા અને મોરગરની પંચાયતોને ગ્રામવાસીઓની સહભાગિતા સાથે એક આકસ્મિકતા યોજના તૈયાર કરવા માટે ટેકો પૂરો પડાયો. સમુદાયને આપત્તિના સામના માટે તૈયાર કરવા શાની જરૂરિયાત છે તે નક્કી કરવા માટે સમુદાય સાથે સંવાદ શરૂ કરાયો. ભૂતકાળના અનુભવોને આધારે જોખમની બાબતો અને સૌથી નબળા લોકો કોણ તે શોધી કઢાયું. જોખમોની યાદી બનાવવામાં આવી અને સંસાધનોનો નકશો તૈયાર કરાયો. વિવિધ સમુદાયોના પ્રતિનિધિઓનું એક કાર્ય દળ તૈયાર કરાયું અને તેમને વિવિધ કાર્યો અને જવાબદારીઓ સોંપાયાં. આ રીતે વિગતવાર યોજના તૈયાર કરાઈ છે અને તે આખરી મંજૂરી માટે ગ્રામ સભા સમક્ષ રજૂ કરાશે.

### રાજસ્થાનમાં દુકાળ સંબંધી પ્રશ્નો વિશે હિમાયત

રાજસ્થાનમાં આ સતત પાંચમા વર્ષે કારમો દુકાળ પડી રહ્યો છે. નાણાંની અછતને કારણે રાજ્ય સરકારે દુકાળ રાહત માટે ખૂબ ઓછાં નાણાં ફાળવ્યાં છે. આ સંદર્ભમાં તા.૨૪થી ૨૬ ઓક્ટોબર, ૨૦૦૨ દરમ્યાન દુકાળ સંબંધી પ્રશ્નો અંગે સામાજિક સંગઠન અને હિમાયત વિશે એક કાર્યશાળા રાખવામાં આવી. લોકોને પરિસ્થિતિના સામના માટે કેવી રીતે જોતરી શકાય તે વિશે તેમાં રાજસ્થાનના છ જિલ્લાઓ - જોધપુર, બાડમેર, બિકાનેર, નાગોર, ચુરુ અને ઝાલોરમાં કાર્યલક્ષી યોજનાઓ તૈયાર કરાઈ. તેમાં અન્ન સલામતી અને સામાજિક સલામતીની યોજનાઓ પર દેખરેખ રખાશે. કાર્યશાળા દરમ્યાન જ તે માટે 'જિલ્લા અકાલ સમન્વય સમિતિ' રચાઈ કે જેમાં જે તે જિલ્લાના પ્રતિનિધિઓનો સમાવેશ કરાયો. તેમાં અકાલ અનાજ યોજના, અન્નપૂર્ણા યોજના, અંત્યોદય યોજના, મધ્યાહ્ન ભોજન યોજના જેવી યોજનાઓ પર તો દેખરેખ રખાશે

જ, પણ પંચાયત સ્તરે બ્લોક વિકાસ અધિકારીને સુપરત કરાશે. નોંધણીપત્રક તેથી બદલાતું રહેશે અને જાગૃતિ વધવાથી ભ્રષ્ટાચાર ઘટશે તથા રાહત કાર્ય હેઠળ વધુ લોકોને આવરી લેવાશે. આ સંદર્ભમાં ડિસેમ્બર અને જાન્યુઆરી - ૨૦૦૩ દરમ્યાન સાતેય બ્લોકમાં બાડમેર અને જોધપુર જિલ્લામાં દલિતોના પ્રશ્ને કામ કરતાં સહભાગી સંગઠનો સાથે કાર્યશાળાઓ યોજવામાં આવશે. તેમનો હેતુ દલિતોની ઓળખ સંબંધી પ્રશ્નો વિશે અને દુકાળ સંબંધી પ્રશ્નો વિષે ચર્ચા કરવાનો છે.

## માનવ અધિકાર દિન નિમિત્તે રેલી

દસમી ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ માનવ અધિકાર દિન નિમિત્તે દલિત અધિકાર અભિયાન દ્વારા ઓશિયાન અને શેરગઢ તાલુકામાં બે રેલીઓ યોજવામાં આવી. ઓશિયાનમાં રેલીનો હેતુ જમીનના દબાણ અને દલિતો પરના અત્યાચારો અંગેના પ્રશ્નો વિશે જાગૃતિ ફેલાવવાનો હતો. આ રેલીમાં ૬૦ નેતાઓએ ભાગ લીધો હતો. શેરગઢમાં દુકાળ રાહત કાર્યમાં ચાલતા ભ્રષ્ટાચાર સામે વિરોધ થયો. વધુ દલિતોને તેમાં કામ આપવાની માગણી પણ થઈ. આ રેલીમાં ૫૦૦ મહિલાઓ સહિત ૭૫૦ જણાએ ભાગ લીધો હતો.

## દબાણ હેઠળની ૭૫ વીઘા જમીન છૂટી કરાઈ

જોધપુર જિલ્લામાં મંદોર તાલુકા સમિતિએ તા.૧૮થી ૨૬ નવેમ્બર, ૨૦૦૨ દરમ્યાન 'દલિત અધિકાર અભિયાન'ના નેજા હેઠળ જિલ્લા કલેક્ટરની કચેરી સામે દલિતોની જે જમીન દબાણ હેઠળ હતી તે છોડાવવા માટે ધરણા કર્યા. પછી એ કિસ્સાની તપાસ માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના થઈ અને ૭૫ વીઘા જેટલી જમીન પછીથી છૂટી થઈ.

## નાગરિકત્વના પ્રશ્ને જાહેર સુનાવણી

બાડમેર જિલ્લામાં ચોહતુન તાલુકામાં નવેમ્બર-૨૦૦૨ દરમ્યાન એક જાહેર સુનાવણીનું આયોજન કરવામાં આવ્યું. તેનો હેતુ પાકિસ્તાનમાંથી હાંકી કઢાયેલા લોકોના નાગરિકત્વ અને પુનર્વસનના પ્રશ્ને અવાજ ઉઠાવવાનો હતો.

## 'દલિત અધિકાર અભિયાન'માં સહભાગિતા વધારવા માટે મહિલાઓનાં સ્વસહાય જૂથોને મજબૂત બનાવાયાં

સ્થાનિક સંગઠનોએ દલિત મહિલાઓની ભાગીદારી તેમના પ્રશ્નો ઉઠાવવામાં વધે અને તેઓ સક્રિય ભૂમિકા ભજવે તે માટે સ્થાનિક સ્તરે મહિલાઓનાં સ્વસહાય જૂથોની રચના કરી છે. આવાં જૂથોની પહેલી તાલીમ જોધપુર જિલ્લામાં શેરગઢ તાલુકામાં યોજાઈ કે જેમાં ૫૦ મહિલાઓએ ભાગ લીધો. જૂથની પ્રક્રિયા અને જૂથની કામગીરીને સમજવાનો તાલીમનો હેતુ હતો. એ બેઠકમાં એક કાર્યલક્ષી યોજના તૈયાર કરાઈ. તેમાં એમ નક્કી કરાયું કે આંગણવાડી કામ ન કરતી હોય કે આરોગ્ય કેન્દ્રો બરાબર કામ ન કરતાં હોય તેવા સ્થાનિક પ્રશ્નો વિશે ચર્ચા કરવા માટે નિયમિત રીતે બેઠકો યોજાશે. તેમાં ૨૬મી જાન્યુઆરીએ યોજાનારી ગ્રામ સભામાં સક્રિય ભાગ લેવા અંગે પણ ચર્ચા કરવાનું નક્કી કરાયું.

## પંચાયતોના સભ્યોની તાલીમ

ડિસેમ્બર-૨૦૦૧માં ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ થયા બાદ પંચાયતોના સભ્યો માટે અનેક અભિમુખતા તાલીમો તેમના ક્ષમતા વર્ધન માટે યોજવામાં આવી. આ ત્રણ માસમાં અમદાવાદ, સાબરકાંઠા અને જામનગર જિલ્લામાં ૯૭ પંચાયતોને આવરી લેવામાં આવી. તેમાં ૬૧૯ સભ્યોએ ભાગ લીધો હતો. પંચાયતોના સભ્યોની ક્ષમતા વધુ વધારવાના હેતુ સાથે તા.૨થી ૪ ઓક્ટોબર, ૨૦૦૨ દરમ્યાન કચ્છમાં સ્વૈચ્છિક સંગઠનોના ૪૦ કાર્યકર્તાઓ માટે પ્રશિક્ષકોની તાલીમ યોજવામાં આવી.

એ જ રીતે 'ગુજરાત સમાજ સેવા સંસ્થાન'નાં સ્વસહાય જૂથોના ૨૨ મહિલા સભ્યોને અને અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની ત્રણ જળસ્રાવ સમિતિઓના સભ્યોને પંચાયતોની કામગીરી વિશે તાલીમ અપાઈ.

## મહિલા પંચાયત સભ્યોને વિશેષ સહયોગ

ગુજરાતમાં ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓને વિશેષ સહયોગ પૂરો પાડવા માટે ધોળકા 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' ખાતે એક અભિમુખતા બેઠકનું આયોજન કરવામાં આવ્યું. તેમાં મહિલા પ્રતિનિધિઓ તેમના મુદ્દાઓ રજૂ કરે તે હેતુ હતો.

રાજસ્થાનમાં ચુરુ જિલ્લામાં સુજાનગઢ તાલુકામાં 'મરુશક્તિ'ના સહયોગથી ૨૨ અને ૨૯થી ૩૦ ડિસેમ્બર-૨૦૦૨ દરમ્યાન પંચાયતના મહિલા સભ્યો માટે બે અભિમુખતા તાલીમોનું આયોજન કરાયું. તે દરમ્યાન દુકાળમાં ચૂંટાયેલા પ્રતિનિધિની ભૂમિકા વિશે ચર્ચા થઈ. એ જ પ્રમાણે 'સૃજામ્યહમ્' સાથેના સહયોગમાં ૧૪-૧૫ નવેમ્બર, ૨૦૦૨ દરમ્યાન જેસલમેર જિલ્લાના સામ તાલુકામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટેની તાલીમ યોજવામાં આવી.

## ગ્રામ સભાને મજબૂત બનાવવી

ગુજરાતમાં ધોળકા તાલુકાનાં છ ગામોમાં ગ્રામ સભાને મજબૂત કરવા માટે સૂક્ષ્મ સ્તરીય આયોજન હાથ ધરવામાં આવ્યું. જે તે ગામના પ્રબુદ્ધ વ્યક્તિઓની બનેલી પંચાયત વિકાસ સમિતિ ગ્રામ સભા અને ગ્રામ પંચાયત વચ્ચે કડી રૂપ બને છે. આ ત્રણ માસના ગાળા દરમ્યાન પંચાયતની કામગીરી વિશે છ ગામોના પંચાયત વિકાસ સમિતિઓના સભ્યોને અભિમુખતા તાલીમ આપવામાં આવી અને ૪ ગામોમાં નવી પંચાયત વિકાસ સમિતિઓની રચના કરવામાં આવી.

## શહેરી શાસનની પ્રક્રિયાને મજબૂત બનાવવી

અમદાવાદ જિલ્લાના સાણંદ નગરમાં ભાવિ નગર દિશા ઘડવા માટેનો પ્રયાસ કરાયો. તેમાં નાગરિકોએ ભૂગર્ભ ગટર વ્યવસ્થા અને રસ્તા પર વિશેષ ધ્યાન આપવાનું નક્કી કર્યું. માળખાગત સવલતોના વિકાસ માટે ખાનગી ક્ષેત્ર અને સરકારની ભાગીદારી ઊભી કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ. દરેક વોર્ડમાં સમિતિઓ રચાઈ અને તેમાં વિચાર-વિમર્શ કરાયો. આ સમિતિઓને સેવાઓ એક વાર ઊભી થાય પછી તરત જ તેમનાં આયોજન, દેખરેખ અને જાળવણીનું કામ સોંપાશે. સાથે સાથે નગરપાલિકાના સત્તાવાળાઓ સાથે આ પ્રશ્ને વિચાર-વિમર્શ શરૂ કરાયો છે. સમુદાય અને નગરપાલિકાના અધિકારીઓના ટેકા સાથે એક પરિયોજના તૈયાર કરાઈ. તેમાં ગટર, રસ્તા અને પીવાના પાણીની સવલતો વિશેનો લે-આઉટ અને તેના ખર્ચના અંદાજો તૈયાર કરાયા. અને તે પછીથી તા.૩૧.૧૨.૨૦૦૨ના રોજ નાગરિકો સમક્ષ તેમના પ્રતિભાવ માટે રજૂ કરાયો.

'ઉન્નતિ' રાજસ્થાનમાં છેલ્લાં બે વર્ષથી શહેરી શાસનના પ્રશ્નો વિશે કામ કરે છે. તેનાં લેખાજોખાં કરવા માટે જયપુર ખાતે તા.૧૩.૧૨.૨૦૦૨ના રોજ એક વિમર્શ સભા રાખવામાં આવી.

૭૪મા બંધારણ સુધારા અનુસાર નગરોમાં સેવાઓ ઉપર દેખરેખ રાખવા માટે નાગરિકોનું એક ખતપત્ર ઘડવાનું ફરજિયાત છે. તેથી બિલારા નગરપાલિકામાં તમામ હિતધારકોની એક વિમર્શ સભા ગોઠવવામાં આવી. તેમાં નાગરિકોનું ખતપત્ર ઘડવા અને તેમના અમલની પ્રક્રિયા નક્કી કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી.

## વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓનું ક્ષમતા વર્ધન

વિકલાંગો માટે અવરોધ-મુક્ત વાતાવરણ ઊભું કરવા 'ક્ષમતા'ના નેજા હેઠળ છેલ્લા ત્રણ માસ દરમ્યાન એક યોજના શરૂ કરાઈ છે. નાગરિક સમાજને સંવેદનશીલ બનાવવા અને તેની ક્ષમતા વધારવાની તેની વ્યૂહરચનાના ભાગરૂપે તા.૨૧થી ૨૩ નવેમ્બર, ૨૦૦૨ દરમ્યાન સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓ અને નેતાઓને અભિમુખ કરવા એક કાર્યશાળાનું આયોજન કરાયું. તેના અનુવર્તી કાર્ય સ્વરૂપે ૧૬ સહભાગી સંગઠનોના સહયોગ સાથે તેમના કાર્યક્ષેત્રના પાંચ જિલ્લામાં કાર્યલક્ષી સંશોધન હાથ ધરાઈ રહ્યું છે. તેનાથી વિકલાંગ લોકો પ્રત્યેના સમાજનાં વર્તન અને વલણો વિશેની સમજ વધારે તીક્ષ્ણ બનશે. તે વિકલાંગ લોકોની જરૂરિયાતો, તેમને નડતા અવરોધો અને તે દૂર કરવા માટેના માર્ગો વિશે વધુ માહિતી પણ પૂરી પાડશે.

## ગુજરાતમાં મહિલા નીતિ

રાષ્ટ્રીય મહિલા નીતિની જેમ ગુજરાતની રાજ્ય સ્તરીય મહિલા નીતિ ઘડાઈ રહી છે. તે માટે નવ પેટા વિષયો નક્કી કરાયા છે અને 'ઉન્નતિ' એવા એક પેટા વિષય 'રાજકીય સહભાગિતા અને મહિલા અધિકારિતા' વિશે કામ કરી રહી છે. તેનો મુસદ્દારૂપ દસ્તાવેજ તૈયાર થયો છે અને આગામી ત્રણ માસ દરમ્યાન તેને આખરી ઓપ અપાશે. અમે 'ક્ષમતા વર્ધન અને પ્રાકૃતિક સંસાધન સંચાલન' વિષય વિશે પણ સક્રિય યોગદાન આપી રહ્યા છીએ.

## 'ચરખાની' પ્રવૃત્તિઓ

આ ત્રણ માસ દરમ્યાન કોમી એખલાસ, મહિલા સરપંચ દ્વારા થયેલા પ્રયાસો, બાળકીઓનું શિક્ષણ અને પાયાના અધિકારો માટે આદિવાસીઓની લડત જેવા વિષયો વિશે સાત લેખો પ્રકાશિત થયા છે. ઉત્તર ગુજરાત માટે માધ્યમો અને સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચેના સંપર્ક માટેનો એક કાર્યક્રમ ગોઠવાયો, જેમાં એ વિસ્તારના પ્રશ્નો પ્રકાશમાં આવે અને પારસ્પરિક સંપર્ક વધે તેવો ઉદ્દેશ હતો. ગુજરાતીમાં 'આશાનું કિરણ' અને અંગ્રેજીમાં 'રે એફ હોપ' શીર્ષક હેઠળ ગુજરાતમાં ભૂકંપ બાદ થયેલા પુનર્વસનના પ્રયાસો વિશેનું એક પુસ્તક પ્રકાશિત થયું છે. છેલ્લા ત્રણ માસ દરમ્યાન સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પ્રકાશિત ત્રણ સમાચાર પત્રો (૧) ખારાશ સંવાદ - એકેઆરએસપી (૨) લોક સંચાલન - ઉત્થાન અને (૩) સમાચાર સંકલન - જનપથને ટેકો પૂરો પડાયો. સુરતના કાનૂની સહાય અને માનવ અધિકાર કેન્દ્ર દ્વારા આદિવાસીઓના પ્રશ્નો અંગેનું ૨૦૦૩નું જે કેલેન્ડર તૈયાર કરાયું તેમાં પણ ટેકો પૂરો પડાયો.

## પૃષ્ઠ ૧નું શેષ

પુદ્દકોટાઈ જિલ્લાના પોન સુંદરેશન વિસ્થાપિત ભૂમિહીન દલિતોના ભરણપોષણ માટે આંદોલન કરતા હતા. પેલેસ્ટાઈન અને આર્જેન્ટિનાના લોકોએ તથા નર્મદાના વિસ્થાપિતોએ તથા માનવ અધિકારોના ભંગથી પીડિત લોકોએ પોતાની કહાણીઓ રજૂ કરી. મૂડીવાદી વૈશ્વિકીકરણના પ્રશ્નો સાથે સંકળાયેલા મુદ્દાઓ વિશે અનેક પરિસંવાદો, કાર્યશાળાઓ અને સમ્મેલનોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિકાસ અને વ્યાપાર, દેવું, સાર્વભૌમત્વ તથા દલિતો અને મહિલાઓના પ્રશ્નો અને લોકશાહી વિષે ચર્ચા કરાઈ. પરંતુ આ બધા કાર્યક્રમો વૈશ્વિકીકરણની અસરના મુખ્ય મુદ્દા સાથે સંબંધિત હતા. તેમાં અનેક અગ્રણી સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓ અને સંગઠનોના કાર્યકરો તથા અસરગ્રસ્તો હાજર રહ્યા હતા. આ સમ્મેલનમાં વિશ્વ બેંક, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વ વ્યાપાર સંગઠન જેવી સંસ્થાઓ દ્વારા અપાતાં 'માળખાગત ગોઠવણ કાર્યક્રમ' હેઠળ ગરીબી નિવારણનાં જે નાટકો ચાલે છે તેનો પર્દાફાશ કરાયો. વિભિન્ન સંગઠનોએ એ સ્પષ્ટ કર્યું કે આ સંસ્થાઓ દ્વારા વિકસતા દેશોમાં જે આર્થિક નીતિ અપનાવવામાં આવી રહી છે તેનાથી ગરીબી વધી છે એટલું જ નહિ, પણ કુદરતી સંસાધનો ઉપરની લોકોની માલિકી છીનવાઈ ગઈ છે. તેને પરિણામે વંચિતો અને ગરીબોના અધિકારોનો ભંગ થઈ રહ્યો છે અને સાથે સાથે અન્ન સલામતી અને આજીવિકા ઉપર જ આક્રમણ થઈ રહ્યું છે. આ સમ્મેલનમાં એ પણ સ્પષ્ટ કરાયું કે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના ભેદભાવ તથા અસમાનતા, ખાનગીકરણ અને મજૂરોની અનિયમિત રોજગારી વધ્યાં છે પણ સાથે સાથે તેને લીધે પર્યાવરણ, સંસ્કૃતિ અને દેશજ જ્ઞાન સામે ખતરો ઊભો થયો છે.

આ મંચમાં ચર્ચાઓ ઉપરાંત આ સંગઠનોએ સાંસ્કૃતિક કાર્યક્રમો, રેલીઓ અને શેરી નાટકો દ્વારા મૂડીવાદી વૈશ્વિકીકરણ આગળ વધવા નહીં દેવાય અને એક વૈકલ્પિક દુનિયા ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવશે તે દર્શાવાયું. યુવાનોના શિબિરમાં વિવિધ દેશોનાં યુવકોએ અને યુવતીઓએ ભાગ લીધો. તેમાં શિક્ષણ, પર્યાવરણ અને વૈશ્વિકીકરણનાં જુદાં જુદાં પાસાં વિશેની સમજૂતી ઊભી કરવાનો પ્રયાસ કરાયો. આ કાર્યક્રમથી એ સ્પષ્ટ થઈ ગયું કે વિશ્વમાં આર્થિક વિકાસની જે એકતરફી આંધી ચાલે છે તેને ત્રીજા વિશ્વના લોકો નકારે છે અને તેમને વિશ્વાસ છે કે તેઓ વૈકલ્પિક વૈશ્વિક સમાજનું નિર્માણ કરી શકે છે. સમ્મેલનમાં મૂડીવાદીઓની શોષણખોર વ્યવસ્થાઓ, નીતિઓ અને કાયદાઓના વિરોધમાં થઈ રહેલા સંઘર્ષોને વધુ મજબૂત કરવાનાં આશા, શક્તિ અને હિંમત મળ્યાં. સૌને એમ લાગ્યું કે ભૂખમરો, અસામાનતા અને શોષણથી મુક્ત એવા વિશ્વની જરૂર છે. સાથે જ એવું પણ લાગ્યું કે આ સપનાને સાકાર કરવા માટેના સંઘર્ષમાં પણ ઘણા લોકો જોડાયેલા છે. આ મંચને લીધે એવો વિશ્વાસ પાકો થયો કે આપણે બીજી દુનિયા બનાવીશું કે જે સમાનતા, ન્યાય, શાંતિ અને સ્નેહનાં મૂલ્યો ઉપર આધારિત હોય.

**- ડૉ. ઓમ શ્રીવાસ્તવ, આસ્થા પ્રશિક્ષણ કેન્દ્ર, ઉદયપુર.**


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થા**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ૬૭૩૩૨૯૬ ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: કલરમેન ઑફસેટ, સેલર, આગમન, મયુર કૉલોની પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન નં. ૬૪૩૧૪૦૫



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.